Reg. No. B 3220




વાર્ષિક લવાજમ ૧-૮-૦ ] શ્રી જૈન યુથ સીંડીકેટ ( તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર [ વર્ષ ૧ લું અંક ૨૧ મો.
છુટક નકલ ૧ આનો. ] તંત્રી: મણીલાલ એમ. શાહ. [ ગુરૂવાર તા. ૧-૧૧-૩૪

# મહાસભામાંથી...............................

સંગ્રામક્ષેત્રે લડવૈયાઓને જાણે ગોઠવવામાં ન આવ્યા હોય તેવા ઉત્સાહભર્યાં નરનારીઓથી વિશાળ મંડપ ચિકાર થઇ રહ્યો હતો.

છતાં સુવ્યવસ્થાએ શાન્તિનું વાતાવરણ ફેલાવી દીધું હતું. હૃદયના ધબકારાએ સ્પષ્ટ સંભળાતા હતા.

દુરદુરથી આગમનની આગાહી અર્પતો અવાજ સંભળાયો, અને ધીમે ધીમે નજદિક આવતો ગયો.

પરિચિત છતાં વિસ્મરણ થઇ રહેલો એ સૂર હતો. શાન્ત માનવોએ આત્માભંગ કરી આલાપ ઝીલ્યો:—

"ભારતકા ડંકા આલમમેં બજવાયા વીર જવાહરને,
સોતે હુએ.................શીખલાયા વીર જવાહરને."

x x x x

ઓહો! એ જૈન સ્વયંસેવક મંડળનું બેન્ડ! ભારતવર્ષના પનોતા પુત્રોનું સ્વાગત કરતું આવે છેને! લાખો નિરાશામાં અમર આશા છૂપાયેલી છે! જૈન સ્વયંસેવકોએ રાષ્ટ્રની સેવામાં ખડે પગે ઉભા રહેવાનું નક્કી કર્યું? વાડા વાડીઓમાંથી યુવાનોએ બહાર નજર દોડાવી? x x x x x

અસંખ્ય માનવીના નમસ્કાર ઝીલતા રાષ્ટ્રનેતાઓને સમાર્ગે એ મંચ સુધી દોરી લાવ્યું; અને લશ્કરી ઢબે કવાયત સંકેલી દઇ સ્વયંસેવકો સભાની વ્યવસ્થાના કાર્યમાં ઓતપ્રોત થઇ ગયા. x x x x x

"મહાત્મા ગાંધીજીકી જે; રાષ્ટ્રપતિકી જે,"ના ગગનભેદી સ્વરોની વચ્ચેથી પ્રેરણાના પયગામ દેતા એ મહારથીઓએ આસન જમાવ્યું; અને સભાનો તમામ હોંકાર સ્તબ્ધ થઇ રહ્યો. x x x x x

એ સુકલકડી પુરૂષના કયા તેજરશ્મિએ આ વિરાટ સભા અંજાતી હશે? કયા મધુર સ્વરે સભાજનોના કાન તિખતા ધારણ કરી રહ્યા હશે? કયા સ્વરૂપને જોવા આંખો તલસી રહી હશે!

સભાજનોએ વિરાટ સભાને ઇન્દ્રસભાનાં ઉપનામ આપ્યાં. જો ઇન્દ્ર હોય તો એને — માનવલોકને મુગ્ધ કરતા એ ભારતના જ્યોતિર્ધરની ઇર્ષાજ આવે! શક્તિના મહાપુંજ સમા એ હિંદના માર્ગદર્શકની આ બધી લીલા છે કે મહાસભાની આ રચના છે!

મહાસભાની સંસ્થા તરીકેની પ્રતિષ્ઠાએ અનેક મહાનરોને મેળવી આપ્યા છે. તો એ મહાત્માએ એના વ્યક્તિત્વથી કયાં ઓછી વ્યક્તિઓને આકર્ષણ કર્યું છે?

બાપુ! આ ગુજરાત! વણિક દિશામાં મુંઝાઇમાં વિહરતું મહાગુજરાત તે આ? કયા આત્મઆઝાદીના પયગામે પલટાઇ ગયું? કયા ગુલામી બંધનોને તોડવા એક પગે ખડું થઈ ગયું? માનવીની આટલી શક્તિ અને તેને પ્રગટ કરનાર મહાશક્તિ—શક્તિમંદિર તે આજના યુગના પ્રવર્તક ગાંધીજી...

આ તેજસ્વી પુરૂષ આજે મહાસભા ત્યજીને અન્ય ક્યાંઇ મહાભિનીષ્ક્રમણે ઉપડે છે? ઓછી શક્તિ છે કે શક્તિ ઓછી થઇ ગઇ છે તે આ મહામાનવ આજે મહાસભામાંથી ભાગી છૂટયો છે? માનવી અલૌકિક છે, સમજ્યો, કળાયો, મહા મુશ્કેલ છે. ભારતની આઝાદીને વહેલામાં વહેલી તકે પ્રાપ્ત કરવી એજ વિચારણાએ એ મહાત્મા મહાસભા છોડે છે છતાં નથી છોડતો!

અને એ મહાત્મન! પુરૂષજાતનાં અસહ્ય ત્રાસે કચડાઇ મરતી, રૂઢીના જડ બંધનોએ ગુંદાઇ રહેલી, અને ધર્માંધતામાં શુષ્ક જીવન વિતાવી રહેલી આ સ્ત્રીશક્તિને જીવનની સાફલ્યતાનાં સૂત્રો કોણે સુણાવ્યાં? પુરૂષજાતનાં અભિમાન ઉતરાવી મુકતી આ નારીઓ—આ દેશસેવિકાઓ સેવા એજ ધર્મનો આદેશથી બનુ.

પા. ૨૦૦

# શ્રી ભારત જૈન કન્યા ગુરૂકુળ.

લેખક:— શ્રી. ફુલચંદ હરીચંદ દોશી.

[એક યોજના.]

જ્યાં સુધી કન્યા કેળવણી આગળ નહિં વધે ત્યાં સુધી સમાજ પ્રગતિ કરી શકવાનો નથી; એટલે ભાઇ શ્રી. ફુલચંદભાઇએ કન્યા કેળવણી અંગે "ભારત જૈન કન્યા ગુરૂકુળ"ની એક યોજના અમારા ઉપર મોકલેલી તે સહર્ષ છાપીએ છીએ અને સમાજના વિચારક ભાઇબ્હેનોને કન્યા ગુરૂકુળ અંગે વિચાર કરવા વિજ્ઞપ્તિ કરીએ છીએ

વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણ આપતી કન્યાશાળાઓથી કન્યા કેળવણી આગળ નહિ વધે પરંતુ કન્યા ગુરૂકુળ જેવી સંસ્થાથીજ સાચી કન્યા કેળવણી આગળ વધશે.

—તંત્રી.

સ્ત્રી. ગૃહની દેવી છે, ગૃહરાજ્યનો પ્રધાન છે, અને ગૃહસંસ્થાનો વ્યવસ્થાપક છે.

જનેતાના શિક્ષણ–વિકાસને માટે શું શું કરવું જોઇએ, શું શું કરી શકાય તેનો વિચાર જૈન સમાજે હજુ સુધી કર્યો નથી.

પ્રજા સમાજ–ધર્મ અને રાષ્ટ્રનું ઉત્થાન સ્ત્રીશક્તિના સર્વાંગ–પૂર્ણ વિકાસ વિના સંભવિત નથી.

આજના કૌટુંબિક કલેશો, સ્ત્રી પુરૂષની અસમાનતા, સામાજીક બદીઓ અને કુરિવાજો, ગૃહજીવનની શુષ્કતા અને કલુષિતતા, સમાજની અવ્યવસ્થા અને છિન્નભિન્નતા, બાળકોની અસંસ્કારિતા, સ્ત્રી સમાજની અજ્ઞાનતાને આભારી છે.

આપણી કન્યાઓ અશિક્ષિત ન રહે તે સૌ કોઇ સમજી શકે છે. અજ્ઞાન સ્ત્રી, અજ્ઞાન માતા કે અજ્ઞાન ગૃહિણી, કુટુંબજીવન અને સમાજજીવનને વિકાસને બદલે વિનાશને પંથે ઘસડી જાય છે. કન્યાઓને શિક્ષણ ન આપવાના જૂના વિચારો આજે નભી શકે તેમ નથી, પણ માત્ર બે ચાર ચોપડી ભણાવ્યાથી આપણે સંતોષ માની બેસી રહીએ કે ઘરનું કામકાજ, સમાજની ખોટી બીક, ઉંચા કુળની ખોટી પ્રતિષ્ઠા કે માન્યતાઓના કારણે કન્યાઓને આગળ અભ્યાસ કરતી અટકાવીએ તે પણ હવે નહિં ચાલી શકે.

જમાનો એવો આવે છે કે સ્ત્રીઓએ ગૃહવ્યવસ્થા, કુટુંબપાલન, બાળઉછેરની સાથે સમાજહિત, બાળવિકાસ, સામાજીક સુધાર, સ્ત્રીઓની ઉન્નતિ અને દેશના પ્રશ્નો હાથ ધરવા પડશે. સમાજ, ગ્રામ, નગર અને દેશના અભ્યુદયમાં પોતાનો યથાશક્તિ ફાળો આપવા પુરૂષોને સાથ આપવો પડશે. એટલે બની શકે તેટલું વિશાળ દૃષ્ટિએ શિક્ષણ લીધા સિવાય ચાલશે નહિં.

કન્યાઓને પુરૂષના જેટલા ઉંચા વિષયોમાં નિપુણતા મેળવી હરિફાઇ કરવાનો વિચાર આપણે બાજુએ મુકીએ એટલે કે પુરૂષોને મળતા વિધવિધ વિષયોના શિક્ષણની સ્ત્રીઓને પોતાના ઉત્કર્ષ માટે જરૂર નથી પણ ભાષાજ્ઞાન, ગૃહવ્યવસ્થા, બાળઉછેર, આરોગ્યતા, ગૃહઉદ્યોગ ગૃહિણી ધર્મ, શરીરશાસ્ત્ર તથા સમાજસેવા વગેરે વિષયોનું જ્ઞાન અવશ્ય મળવું જોઇએ.

સ્ત્રી શિક્ષણ માટે આજ સુધી આપણે જે કાંઇ કર્યું છે તે કોઇપણ રીતે સંતોષપ્રદ નથી. મોટા શહેરોમાં કન્યાશાળાઓ છે, પણ તેની સંખ્યા અલ્પ છે—પણ જે શિક્ષણ અપાય છે તે લગભગ પુરૂષ શિક્ષણને મળતું અપાય છે. તેમાં મામુલી ફેરફાર કરવામાં આવ્યા છે પણ સ્ત્રી શિક્ષણની દૃષ્ટિએ તેમાં ભારે પરિવર્તનની જરૂર છે.

કન્યાશાળાના ૫–૬ વર્ષમાં જોઇએ તેટલું જ્ઞાન આપી શકાય નહિ, જ્યાં કન્યાઓને ઘરકામમાં રોકી રાખવામાં આવે, ભાઇબ્હેનોને સંભાળવાનો ભાર તેનાપર હોય, રસોઇ, પાણી, વાસણ, કપડાં વગેરેનો બોજો અભ્યાસી અવસ્થામાં નાંખવામાં આવે અને તે પણ અભ્યાસના ભોગે. તેવી સ્થીતિમાં માબાપો કન્યાના શિક્ષણ અને વિકાસ માટે બહુજ કાળજીવાળાં નથી તેમ આપણે જોઇએ છીએ.

કન્યાશાળાઓ તો ચાલશેજ. ચાલવી જોઇએ, પણ તેના શિક્ષણક્રમમાં પરિવર્તનની જરૂર છે; પણ આજે જૈન સમાજને સૌથી પ્રથમ જરૂર એક કન્યા ગુરૂકુળની છે.

**ઉદ્દેશ.**

૧ જૈન કન્યાઓનો સર્વદેશીય વિકાસ સાધનાની દૃષ્ટિએ વ્યવહારિક, શારીરિક અને ધાર્મિક કેળવણી આપવી, ગૃહવિજ્ઞાન, આવશ્યક ગૃહઉદ્યોગ તથા લલિતકળાનું શિક્ષણ આપવા પ્રબંધ કરવો. કન્યાઓમાં નિર્ભયતા, સજાગતા જાગૃત કરવી અને તે દ્વારા જૈન કન્યાઓને ગૃહ, સમાજ, ધર્મ અને દેશ પ્રતિના કર્તવ્ય તરફ માર્ગદર્શન કરાવવા યથાશક્તિ પ્રયત્ન કરવો.

**કાર્યની યોજના.**

૧ ગુજરાતના સુંદર કેન્દ્ર સ્થળે એક કન્યા ગુરૂકુળ ખોલવું. (જે શહેર કન્યા ગુરૂકુળને અપનાવે, તન–મન–ધનથી સેવા આપે. ગુરૂકુળના વિકાસ–વર્ધનમાં ફાળો આપે અને સ્ત્રી કેળવણીના પ્રચાર માટે થતા નવીન પ્રયોગોને વધાવી લેવા તૈયાર હોય તે શહેરમાં કન્યા ગુરૂકુળ ખોલવું ઇષ્ટ મનાય.)

૨ બાળમંદિરથી માંડીને મેટ્રીક સુધીના શિક્ષણનો પ્રબંધ સાધનો પ્રમાણે કરવો. (હાલ કર્વે વિદ્યાપીઠના મેટ્રીકની વ્યવસ્થા થઇ શકે. કેટલાક જરૂરી વિષયોનું શિક્ષણ વિશેષ અપાય.)

૩ સ્ત્રી કેળવણી વિષે નવીન પ્રયોગો કરવા અને સમાજમાં લોકમત કેળવવો.

૪ શિક્ષણ નવીન પધ્ધતિએ આપવા પ્રયત્ન કરવો. ભય–લાલચ, ઇનામ–હરિફાઇ, શિક્ષા–દંડની પ્રથા બંધ કરવી. ધર્મશિક્ષણ નવીન દૃષ્ટિએ ઉદારતાથી આપવા પ્રયોગ કરવો.

૫ ભારતના કોઇપણ પ્રાંતની જૈન ધર્મ પાળતી કન્યાઓને સ્થાન આપવું.

૬ કન્યાઓ સંસ્કારી માતાઓ, સુશીલ ગૃહિણીઓ, આદર્શ સેવિકાઓ બને તેવી સર્વાંગસુંદર કેળવણી આપવાનો પ્રબંધ કરવો.

અનુ. . . . . . . . પા. ૧૯૯

જુદા જુદા પ્રસંગોમાંથી ઉપજતા વિચારો ને સંસ્મરણો.

# "૪૮"મી ઐતિહાસીક મહાસભા.

વરલીના તીરે દેવનગરી સમ દીપતું અબ્દુલ ગફાર નગર.

> અમારું યુદ્ધ ખુની નહિ હોય, અમારું યુદ્ધ અહિંસક છે અને રહેશે. અમે કુરબાની કરીને સ્વતંત્રતા લેવા માગીએ છીએ.
>
> અમે તલવારની તાકાત લેવા નથી માગતા પણ બરફ જેવી ઠંડી તાકાત લેવા માગીએ છીએ જે છેલ્લા રાષ્ટ્રયુદ્ધ વખતે પઠાણથી માંડી ન્હાનાં ન્હાનાં છોકરાં છોકરી જેવાઓએ આ તાકાત મેળવવામાં ભાગ લીધો હતો.
>
> x x x
>
> અંગ્રેજોનાં ખુન કે તેમને ગાળો આપીને નહિં પણ અહિંસક બની અમારું લોહી વહાવી સ્વરાજ લેવા માગીએ છીએ.
>
> 'ગાંધીજી'
>
> x x x
>
> મૌલવીઓ અને પંડીતોએજ કોમી સવાલ બગાડ્યો છે. કોમ્યુનલ એવોર્ડ દેશના ટુકડા માટેજ બનાવ્યો છે. મતભેદ માત્ર એટલોજ છે કે માલવીયાજી મહારાજ કહે છે 'એનો વિરોધ કરો.' અમારું માનવું છે કે 'એકે બાજુ મત ન આપવો.'
>
> 'વલ્લભભાઇ'

જીવનની એ અજબ ઘડી હતી, ઐતિહાસિક સ્મરણ હતું કે જ્યારે વરલીના સાગરતટે અલબેલી મુંબાનગરીમાં ૪૮ મી મહાસભા માટે અબ્દુલગફાર નગર ખડું કરવામાં આવ્યું હતું, એની ભવ્ય રચના અને ચારે સમ ગોઠવેલી દીપમાળા જોતાં ઘડીભર માનવ થંભી જતો. ક્યાં એક વખતનું જંગલ અને ક્યાં આજે દેવનગરીશી દીપતી એની શોભા! થોડી ક્ષણ એ મુંઝાતો અને પોતે કોઈ સ્વપ્નની જાળમાં તો નથીના! એમ પોતાને પ્રશ્ન કરતો.

વર્લીના એ સાગરતીરે ૪૮ મી રાષ્ટ્રીય મહાસભા માટે જોતજોતામાં ઉપરોક્ત દેવનગરી ખડી કરી દીધી હતી. દેશની એકની એક મહાસંસ્થા માટે બીહારના બેલી રાજેન્દ્રબાબુની પ્રમુખ તરીકે વરણી થઇ હતી. તેઓશ્રીની પધરામણી જ્યારે થઇ ત્યારે જનતાનો ઉત્સાહ કોઇ અજબજ હતો. એમનું સ્વાગત મુંબઇવાસીઓએ અજોડ અને આજ લગી કોઇને ન આપ્યું હોય એવું માન આપ્યું હતું. વર્ષોના અનુભવીઓ કહેતા કે અમારી જીંદગીમાં મુંબઇએ કોઇને આવો હર્ષભર્યો આવકાર આપ્યો નથી. આ વિરાટ સ્વાગતયાત્રા દેવોને દુર્લભ એવી હતી બલ્કે કોંગ્રેસ તેમજ બાબુજી પ્રત્યે જનતાના હૃદયમાં શું છે એ દુશ્મનો સહમજી શકે એવું એ માપ હતું.

સ્વાગતના સન્માન વખતે કોંગ્રેસ બેન્ડ એટલા સુંદર સરોદા વગાડતું અને તે સાથે તે લશ્કરી બેન્ડ જેવું પણ હતું કે અત્રેના ડેપ્યુટી કમીશનર પણ એની પ્રશંસા કરવામાંથી નહોતા ચુક્યા. આ બેન્ડ ટુકડીમાં અર્ધાથી અધીક જૈન વોલન્ટીયર કોરના ભાઇઓ હતા. મહાસભાના સૈનિક દળમાં પણ એ મંડળના લગભગ પોણોસો સભ્યો જોડાયા હતા કે જેથી જૈન સમાજને તે માટે મગરૂર થવા જેવું છે. આવી સેવાભાવી સંસ્થા મણીભાઇશેઠ જેવા મુંગા કાર્યકરની આગેવાની તળે વ્યવસ્થીત રીતે ચાલે છે. મી. શેઠ એના પ્રાણ છે. દેશ ખાતર અનેક વખત જેલ જઇ આવેલા જાણીતા આગેવાન છે. એમના હાથમાં સૈનિક વિભાગને લગતાં ચાર મુખ્ય ખાતાઓમાંનું "ક્વાર્ટર માસ્તર"નું જવાબદારીવાળું કાર્ય હતું. રાતદિવસ ખડે પગે એ કામ એમને કરવું પડતું હતું. મહાસભાના સૈનિકોની ડીસીપ્લીન અને શીસ્ત, મીલીટરી ઢબપર જનરલ કમાન્ડરી શ્રી મહેરઅલીના હાથ તળે હતી. સેવિકા બ્હેનોની ટુકડી જોતાં સ્હેજે લાગી આવતું કે એઓ અબળામાંથી સબળા બની ચુક્યાં છે. તાઢ અને તડકાની પરવા કર્યા વિના ખડે પગે કેસરીયાં કરી મહાસભાની સેવા બજાવે છે. એમાં પણ જૈન બ્હેનોનો ફાળો ઠીક ઠીક હતો.

## સબ્જેક્ટ કમિટી.

વિષય વિચારિણી સમિતિનો મંડપ એવી ઢબપર અને સુંદર રીતે રાષ્ટ્રીય ધ્વજાઓ અને તોરણોથી શણગારવામાં આવ્યો હતો કે એના ત્રીરંગી તોરણો આઝાદીનું ભાન કરાવતાં. વ્યાસપીઠપર પૂ. મહાત્માજી, રાષ્ટ્રપતિ અને અન્ય આગેવાનો હતા. તે સન્મુખ દેશના પ્રાંતેપ્રાંતમાંથી ચુંટાઇ આવેલા એ આઇ. સી. સી. ના સભ્યો હતા. આજુબાજુ છાપાના પ્રતિનીધીઓ બેસતા અને એ ઉપરાંત વિઝીટરો પણ હતા. આ સમિતીનું કામકાજ એવી સરસ ઢબસર ચાલતું કે કોઇપણ સભ્ય છુટથી પોતાના વિચારો આપી શકતો. ખુદ માલવીયાજી કે ગાંધીજીની વિરૂદ્ધ બોલનાર પણ બેધડક પોતાનું વક્તવ્ય સભ્ય રીતે રજુ કરી શકતો, પ્રમુખશ્રી એને રોકતા નહીં પણ પુરતી તક આપતા. લોકવાદી નીતિ અનુસાર દરેક કામકાજ બંધારણસર સભાને અનુસરીને ચલાવતા. પ્રમુખ તરીકે રાજેન્દ્રબાબુની કુનેહ અજોડ હતી. બંધારણસર કાર્ય ચલાવવાની પધ્ધતિ જોતાં આપણને સ્હેજે થઇ આવે કે ક્યાં, આપણી કોન્ફરન્સોના રીસામણાં-મનામણાં કરતાં અને મરજી પ્રમાણે શાસન ચલાવતા પ્રમુખો ને ક્યાં આજના રાષ્ટ્રપતિ. આપણી કોમની સબ્જેક્ટ કમીટિમાં જુવાનો સામે જે દમદાટી અને આપખુદીથી કામ લેવાતું, મુડીવાદના જોરે, ટુટી જવાના અણપર અને ખેંક [illegible] અને ફન્ટ ડોરની નકામી ઢબલો ઉભી કરી જુવાન આલમને દબાવવાના પ્રયત્નો કરાતા ત્યારે અહીં સમાજવાદીઓને શાન્તિસર પુરેપુરા સાંભળવામાં આવતા. બલ્કે છુટથી એમના અનુ-

પાઃ ૧૯૮

# "છોકરીએ ઘસીને ના પાડ્યું."

[ અંક ... પાને ૧૮૮ થી ચાલુ ]

થોડા માસ વીતી ગયા.

એક સાંજે પદ્મા ઘેર પાછી ન ફરી. ઘરમાં ફફડાટ વ્યાપ્યો. પદ્માનાં માબાપ ગભરાઇ ગયાં: કમળા પણ 'ન્હાની બ્હેન ક્યાં હશે?' એ પ્રશ્નનો ઉત્તર શોધતી આમ તેમ ફરી રહી હતી. નવનીતલાલ ઘરના નોકરોને એકથી બીજે સ્થળે પદ્માની શોધમાં દોડાવી ચુક્યા. પત્તો ન લાગ્યો. જાતે શોધમાં નીકળ્યા. કંટાળી થાકી મોડેથી ઘેર પાછા ફર્યા: માત્ર સ્ટેશનપર એટલા સમાચાર મળ્યા કે: 'પદ્માને સહવારે દસ વાગ્યે સ્ટેશનપર જોઇ હતી.' પણ પછી શું? એ પ્રશ્ન અણઉકેલ રહ્યો.

નવનીતલાલને અને તેના કુટુંબને જે પ્રશ્ન અણઉકેલ્યો હતો તેનો ઉકેલ લોકની જીભે શોધી કાઢ્યો: 'બીજું શું?... નાસી ગઇ! અને વાત વાયરે ચઢી આખા ગામમાં ફેલાઇ ગઇ.

જેમની શીખામણ નવનીતલાલે નહીં માનેલી તેવા દરેક જણ 'શું થયું' એ પ્રશ્ન પુછવા આવી ગયા અને દાઝ્યા ઉપર ડામ દેતા ગયા. નવનીતલાલે અને તેના કુટુંબે આ પ્રસંગે ખુબ ખામોશ રાખી. મોડી રાત્રે સૌ શાન્ત પડ્યું.

x x x

બીજે દિવસ ઉગ્યો અને અસ્ત થયો. ત્રીજા દિવસનું પ્રભાત ઉઘડ્યું. પણ નવનીતલાલના ઘરમાં અંધકાર હતો. તે દિવસે ચૌદશ હતી એટલે નવનીતલાલના માસીબા ઉપાશ્રયેથી આવી 'એકાસણું' કરી નિરાંતે બપોરના બેન બનેવીને આશ્વાસન અને 'દાઝ'ના બે બોલ કહેવા આવી પહોંચ્યાં. આવતાંજ તડુક્યાં:

"ક્યાં ગઇ પેલી ચેવલી. જો મ્હારૂં કહેલું સાચું પડ્યું ને. અન્તે એ રાંડે તમારૂં......"

માસીબા આગળ બોલે તે પહેલાંજ ટપાલમાં પદ્માનો પત્ર હોય તો તેની તપાસ કરવા ગયેલા નવનીતલાલ હાથમાં પત્ર સાથે આવી પહોંચ્યા. અને ભારે હૈયે સૌને સમાચાર આપ્યા કે: 'પદ્માનો વડોદરાથી પત્ર આવ્યો છે.'

"વાંચ તો નવનીત, શું લખ્યું છે." માસીબાએ હુકમ ફરમાવ્યો.

"માસી, કાગળમાં તમને ન રૂચે એવું ઘણું છે. પણ તમે શાન્તિથી સાંભળો તો વાંચુ." એમ કહી નવનીત માસી સ્હામે જોઇ રહ્યો.

"હવે જે હોય તે વાંચને, સાંભળવુંજ પડશેને." માસીબા જરા નરમ થયાં નવનીતે પત્ર વાંચવા માંડ્યો:

વડોદરા. તા......

મુરબ્બી મોટાભાઇની સેવામાં,

મુ......

ભાઇશ્રી,

પૂજ્ય માતાપિતાને અને કદાચ તમનેય અપ્રિય થઇ પડે તેવું પગલું હું ભરી ચુકી છું. ખેર, મ્હેં જે પગલું ભર્યું છે તેને માટે મ્હને જરાય અફસોસ કે દીલગીરી નથી થતી. પણ મેં અચાનક આ નિર્ણય કેમ કરી નાંખ્યો તે તમને જણાવવાની મ્હારી ફરજ છે.

મ્હારા સંબંધમાં ઉચ્ચારવામાં આવતો પ્રત્યેક શબ્દ સીધી યા આડકતરી રીતે મારા કાનપર અથડાતો હતોજ. છતાં મને મળેલી કેળવણી, સંસ્કાર અને તમારા પ્રોત્સાહનના બળે તે હું સહન કરી રહી હતી. વળી આપણા સમાજમાં વિધવાનું સ્થાન ગમે તેટલું નીચું હોય તે સ્હામે મ્હને વાંધો નહતો. પરંતુ વિધવા આટલી ધૃણાસ્પદ છે એ જાણ્યા પછી મ્હારા હૃદયને જે આઘાત લાગ્યો તે અકથનીય છે.

મારી ટીકા કરનારા, મને શીખામણ આપનારા, મારી ગમે તેવી અર્થહીન વાતો ઉડાવનારાઓમાંથી—પછી તે સ્ત્રી હોય યા પુરૂષ—કેટલાની મારા જેવી આકરી કસોટી થયેલી છે તે હું નથી જાણતી. તેમની જો કસોટી થાય તો આટલી ધીરજ તેઓ રાખી શકે કે કેમ? એ એક પ્રશ્ન છે. પરંતુ તેઓ સ્વેચ્છા મુજબ 'ગુલબાનો' ઉડાવતા: હું સહન કરતી. એ સત્ય હકિકત છે. અને મને ખાત્રી છે કે: મેં વડોદરા જવા—તમને અજાણ રાખીને—ઘર છોડ્યું ત્યાં સુધીના મ્હારા નિષ્કલંક જીવન માટે તમને સંપૂર્ણ વિશ્વાસ હોવોજ જોઇએ.

ત્યારે પ્રશ્ન એ છે, કે: "મ્હારે આમ શાથી કરવું પડ્યું?" તેનો ઉત્તર આ રહ્યો:

તમે જાણો છો કે મારા જેઠ હજુ ત્યાંજ છે. તેઓ તમને છેલ્લી ધમકી આપીને ગયા બાદ થોડા દિવસ પછી દરરોજ જતાં આવતાં કોઇ ને કોઇ ઠેકાણે મારી માર્ગપ્રતિક્ષા કરતા મારી નજરે પડતા. આ બાબત થોડા દિવસ રાહ જોયા બાદ જાહેરાત કરવા હું તમને કહેવાનીજ હતી ત્યાં એક દિવસ નીચેનો બનાવ બન્યો.

માસ્તર નંદલાલ—જેઓ કસરતના શિક્ષક છે, અને તમે તેમને ઓળખો છો, તે અને હું બન્ને એક દિવસ કન્યાશાળામાંથી સાથે ઘર તરફ આવતાં હતા. માસ્તરના ઘરથી થોડા ડગલાં દુર મારા જેઠ ઉભા હતા. મેં તેમને જોયા. તેમની આંખના દેખાવપરથી મને બીક લાગી. પણ એ બીકને અવગણી હું માસ્તરથી છુટી પડી, ઘર તરફ ચાલવા લાગી. અચાનક મારા જેઠ મારા ઉપર ધસી આવ્યા. મને કેટલીક ગાળો દીધી. મારી અને માસ્તર સાથેના સંબંધ સંબંધી કેટલુંય બકી નાંખ્યું. મેં તેમને ચૂપ રહેવા સૂચના આપી. અને "ઝાઝી ધમાલ કરશો તો પોલીસને સ્વાધીન કરીશ" એમ ધમકી પણ દીધી. પણ તે નિષ્ફળ ગયું, અને તેમણે મારો હાથ ઝાલી મને ઘસડવાનો પ્રયત્ન કર્યો. મેં સામનો કર્યો. પણ હું ન ફાવી. મેં બૂમ પાડી. માસ્તરે સાંભળ્યું. તેઓ દોડતા આવી પહોંચ્યા. તેમણે મારા જેઠને દુર કર્યા. મારા જેઠે માસ્તરને અપશબ્દો અને ગાળો આપવા માંડી. હું માસ્તરની મદદથી ઘેર આવી. મેં તમને બધી બાબતથી વાકેફ કર્યા પણ તમારા દીલમાં મારી 'પવીત્રતા' માટે આશંકા હોવાનો તમારા હાવભાવથી મ્હને ભાસ થયો!

# पीछेसें चली आती है.

[ગતાંક . . . પાને ૧૮૯ થી ચાલુ]

પાર્શ્વનાથ પ્રભુ રાણી સાથે જંગલમાં ગયા છે, ત્યાં એક વન આવે છે. એ વનમાં પોતે દાખલ થાય છે, ત્યાં દેરાસર જોવામાં આવે છે. એ દેરાસરમાં જઇ પોતે બેસે છે ત્યાં રાજુલને ત્યાગીને નેમનાથ દીક્ષા લે છે, એવું ચિત્રામણ દેરાસરની ભીંત ઉપર જોઇ પોતાને વૈરાગ્ય થાય છે વગેરે. તેમજ અષ્ટપ્રકારી પૂજામાં, અક્ષતની પૂજાના ફળના સંબંધમાં કીરયુગલ એટલે પોપટ-નરમાદા એક ઝાડ ઉપર બેઠા છે. ત્યાં કેટલાક વિદ્યાધરો આકાશમાર્ગેથી ત્યાં આવે છે અને પ્રભુની અક્ષતપૂજા કરે છે, તે વખતે અક્ષતપૂજા કરતા જોઇને કીરયુગલને ભાવ ઉત્પન્ન થાય છે, તેથી હરરોજ ચાંચમાં કમોદ લાવી પ્રભુ આગળ મૂકી રાજી થાય છે. આથી છેવટ તેઓ મરીને દેવલોકમાં જાય છે. તેથીજ વીરવિજયજી મહારાજ "કીરયુગલ શીલી ચંચુમેં ધરતે, જિન પૂજત ભયે દેવ." આવા જંગલમાં સેંકડો દેરાસરો-પ્રાસાદો હતા. ભય માયાને છે. તે માયાથી રહિત વીતરાગની પ્રતિમા હોવાથી જંગલમાં રહેતા દેરાસરોને અને જિનબિંબોને કોઇ જાતનો ભય નહતો.

હાલમાં સેંકડો શંકરોના મંદિરો જંગલમાં આપણે જોઇએ છીએ. ગંગા નદીને કાંઠે અને નર્મદાને કાંઠે મોટા મોટા શિખરબંધ શિવમંદિરો ઉભાં છે. ત્યાં નથી બારી-બારણા બંધ કરવાની દરકાર કે નથી ચોકીદારની પરવા. કેમકે કોઇ જાતનો અલંકાર ન હોવાથી ચોર-લુંટારાનો ભય હોતો નથી.

જિનપ્રતિમાને વાજાકુંચી ઘસતાં કે જાડાં અંગલુણાં કરતાં જોઇએ છીએ ત્યારે આશાતનાના નામે મોટો કોલાહલ કરી મૂકીએ છીએ. જેમાં કેદીને જે કોટડીમાં પૂરવામાં આવે છે, તે કોટડીને તો જાળી પણ હોય છે. પણ પ્રભુને તો મજબુત બે બે ત્રણ ત્રણ બાર બંધ કરી મોટાં તાળાં દઇ પૂરવામાં આવે છે, આથી શું અશાતના નથી થતી. જે વીતરાગ સર્વસંગ પરિત્યાગ કરીને પૂર્ણત્યાગ દશામાં રહી કેવળજ્ઞાન મેળવી મોક્ષે ગયા છે, તેજ વીતરાગની પ્રતિમાને શણગાર પહેરાવી વરરાજા જેવો દેખાવ કરવામાં આવે છે એ ખરેખર વીતરાગ દશાની આશાતનાજ કરવામાં આવે છે. એટલુંજ નહી પણ ચોર-લુંટારા, મલીન વસ્ત્રોવાળા, હલકા વર્ણના દાગીનાના લોભે પ્રભુ પ્રતિમાનો સ્પર્શ કરે છે. આવાં નીચ માણસો જોડાં ઉતારીને કંઇ દહેરાસરોમાં ગરતા નહિ હોય, માટે આથી કેટલી આશાતના થાય છે, એ વિચારકોએ વિચારવાની જરૂર છે.

અમો પરમપૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસોને અને પંડિત મુનિવરોને આટલીજ વિનંતી કરીએ છીએ કે આ પ્રભુ પ્રતિમા ઉપર દાગીનાઓ લાદવાની પ્રથા ક્યારથી શરૂ થઇ? અને તે શા કારણથી શરૂ થઇ છે? તેમજ તેની જરૂરિયાત છે કે કેમ? અને તે શાસ્રસંમત સહેતુક છે? વગેરેના ખુલાસા જૈન જનતાની જાણ માટે બહાર પાડવા કૃપા કરશો અને જો તે નિર્હેતુક ગતાનુગતિક હોય તો આવી પ્રથા બંધ કરવા આપ આપનાથી બનતું કરશો. તેમજ જાહેર પેપરોદ્વારા આપના વિચારો સ્પષ્ટ જણાવવા કૃપા કરશો.

અમો ઘણા વખતથી જોતા આવ્યા છીએ કે આવા વિષયો ચર્ચવાને તેમજ સત્ય શું છે તે જૈન જનતાને જણાવવાનો અવકાશ મળતો નથી. પણ પોતા ઉપર કે પોતાના વર્તન ઉપર જરા પણ આક્ષેપ કોઇ પેપરમાં કરવામાં આવ્યો હોય તો તેને માટે પેપરોની કટારોની કટારો પોતા તરફથી અને પોતાના સેવકો તરફથી ભરી દેવામાં આવે છે.

જ્યારે આવા જરૂરી પ્રશ્નોના ખુલાસાની માંગણી કરવામાં આવે છે ત્યારે મૌન સેવવામાં આવે છે. એમ આ સંબંધમાં ન બને એમ પુનઃ પુનઃ બે હાથ જોડી વિનંતી કરીએ છીએ.

---

છું મુંઝાઇ. ત્યાર પછી મેં બહુ હૃદયમંથન કર્યું; અને મ્હેં નિર્ણય કર્યો કે:—

"વિધવા હોવું એ દુર્ભાગ્ય છે."

અને માસીબાની સલાહ માની અને સાધ્વીઓના ચરણે જીવન સમર્પણ કરવું એ એથીય મોટું દુર્ભાગ્ય છે.

મરણપર્યંત વૈધવ્ય પાળવા માટે આર્થિક રીતે સ્વતંત્ર બની જીવન ગુજારવું એ સમાજના અત્યારના માનસને અનુકુળ નથી. સમાજનું માનસ આ દિશામાં જબ્બર પલટો માગે છે.

એક નાનો સરખો આકસ્મિક પ્રસંગ પણ વિધવાના દુધ સરખા ઉજ્જવળ જીવનમાં શોમળની ગરજ સારે છે.

વિધવાએ સાસરામાં રહી તે પક્ષના માણસો જે પ્રકારનું અધઃપતન માગે તે મંજુર રાખ્યા સિવાય ત્યાં તેનું સ્થાન છેજ નહીં. અપવાદ હોય તો કોણ જાણે!!

જે જીવન વિધવા વિસરવા માગતી હોય તે જીવનની યાદ આપનારા શબ્દો, શિખામણો પુનઃ પુનઃ તેને શ્રવણ કરવાની ફરજ પાડનારો સમાજ ભમે તેવા નિર્દોષ હૃદયને સદોષ બનાવવાની ફરજ પાડવાની ગરજ સારે છે.

જે 'વિચાર'ને મુળમાંથી કાઢી નાંખવાનો પ્રયત્ન કરતાં પંડિતો પણ હારી જાય છે ત્યાં એક સંસારના કાવાદાવાથી અજાણ એવી નિર્દોષ અબળાના હૃદયમાં એ 'વિચાર' ઉદ્‌ભવતાં જીવન કેવું હિલોળે ચડે છે તે માત્ર અનુભવથીજ જાણી શકે છે

એટલે બીજાઓ માટે ગમે તેમ હોય પણ મારે તો ફરજીઆત કે મરજીઆત ગમે તેવા વૈભવને લાત મારવી તેજ ઉચિત છે."

મેં મારો આ નિર્ણય માસ્તર નંદલાલ સમક્ષ રજુ કર્યો. તેઓ સંમત થયા. મેં તેમની સક્રિય મદદ માગી. તેમણે મારી માંગણીનો ખુશીથી સ્વીકાર કર્યો અને તમને અજાણ રાખી અમે ગઇ કાલે સ્હવારની ગાડીએ વડોદરા આવ્યા છીએ અને વૈદિક વિધિએ અમે લગ્નસંબંધથી જોડાયાં છીએ. કારણ કે 'જૈનાદર્શ' તો કુમારીકાને પણ સંસારમાં પડવાની સલાહ નહી આપતો હોવાથી' મારા જેવી વિધવાનું પુનર્લગ્ન એ વિધિએ થાય તો કદાચ એ વિધિ અભડાઇ જાય—જૈનોને અસ્પૃશ્ય થઇ પડે!

તમારી મમતા અને લાગણીભરી કાળજીનો આ બદલો જરૂર તમને આઘાત આપશે. પણ મારી દૃષ્ટિએ મારા માટે બીજો માર્ગ નહતો. જે માર્ગ મને સુઝ્યો તે મેં લીધો છે. મને ક્ષમા આપશો?! અસ્તુ!

લી. ભવગુણી

પદ્માના પ્રણામ.

નવનીતલાલે પત્ર પૂરો કર્યો અને ધુંધવાઇ રહેલાં માસીબા તાડુકી ઉઠ્યાં:

'લ્યો! કુટો કપાળ. છોકરીએ પરણીને કાપ્યું.'"

સંપૂર્ણ.

**'૪૮'ની ઐતિહાસિક મહાસભા**—અનુ. . . પા. ૧૫૫ થી

ઠરાવો, એમેન્ડમેન્ટો લેવાતા, ચર્ચાઓ થતી અને બહુમતીથી કામ લેવાતું. આ બધું જોતાં એમ લાગે છે કે આપણે પૈસાદાર જોઇને લવાતા પ્રમુખોની પ્રથા હવે મીટાવવીજ જોઇએ; એટલુંજ નહિ, અરે! આપણે ત્યાંના પ્રમુખો રૂલીંગો આપે તે પણ બાજુના માણસની સલાહથી. આજના પ્રગતિવાન યુગમાં આ બધું મીટાવવુંજ જોઇએ. સભાના કાનુનો ન સમજતા અણઘડોને આગેવાની આપવા કરતાં સમજદાર અને જાણકારોને આગેવાની આપવી જોઇએ. આપણે ત્યાં (ચોકકસ નામો આ સ્થળે નિર્દેશ નથી કરાતા) અમુક મુડીવાદીઓ તેમજ સભાના થઇ બેઠેલા ઠેકદારો સભાઓના કાનુન વિરૂધ્ધ બોલે, છતાં બિચારા પ્રમુખ શાન્ત બેસે અને કશું નજ કહી શકે ત્યારે અહીં તદ્દન જુદુંજ હતું. રાજેન્દ્રબાબુ, પોઇન્ટ ઓફ ઓર્ડરનો પ્રસંગ આવતો કે બીજા એવા પ્રસંગો આવતા તો ખુદ રાજગોપાલાચારી કે માલવીયાજી જેવા મહારથીઓ વિરૂધ્ધ પણ રૂલીંગ આપતા. આવા તો અનેક પ્રસંગો છે. આથી આપણા સમાજના આગેવાનો ધડો લે તો!

**ભોજનાલયની વ્યવસ્થા.**

મહારનગરના ભોજનાલય તરફ દ્રષ્ટિ નાંખશું તો જણાશે કે આટઆટલા માનવોને જમવાની કેટલી સુંદર વ્યવસ્થા છે. એમાં જમવા આવનારાઓના જુદ, ચંપલ વ્યવસ્થીત રહે એ માટે પણ કાર્યવાહકોએ સરસ ગોઠવણ કરી હતી. જમનાર જમી ઉઠે ત્યારે નહોતી ગંદકી કે શાકને કઢીની બુમો ને બરાડા. સૌને નિયમીત રીતે બધું મળી રહેતું. એકી સાથે **ચાર હજાર** માણસ જમી શકે તેવી રીતે સીમેન્ટના પાટલા ભાણું મુકવા માટે અને બાજુમાં લાકડાના પાટલાની વ્યવસ્થા હતી. આખી લાઇન લગભગ એક સાથે ઉઠતી પછી સાફ થાય, સુકાય, બાદ બીજા એ લાઇનપર બેસતા. જૈન કોમમાં આટઆટલાં જમણો થાય છે છતાં કોઇ ઠેકાણે એને માટે યોજનાસરની પંગતો નથી બેસતી. પછે ગંદકી અને એંઠવાડની ગંદકી એટલી હોય છે કે ઘણા માણસો એની ગંદકી જોઇનેજ જમવા નથી આવતા. મહાસભાના રસોડે દસ હજાર માનવવૃંદ જમતું છતાં જરાય ગંદકી કે એંઠવાડ બીલકુલ નહોતો પડતો. દરેક કોમનાં સ્ત્રી-પુરૂષો બધાં સાથે બેસતાં એ દ્રશ્ય અવર્ણનીય લાગતું. અહિંની સ્વચ્છતા, નિયમન અને વ્યવસ્થાશક્તિ જોતાં આપણા જૈન સમાજને એમાંથી ધડો લેવા જેવું ઘણું હતું. હાથ ધોવા માટે પણ નળની ગોઠવણ ઠેકઠેકાણે કરવામાં આવી હતી. આપણી કોમ શીક્ષિત કહેવાય છતાં આ બધું જોયા પછી લાગ્યા વિના નહિં રહે કે આપણે ત્યાં આવડતનો અભાવ છે. બાકે ખાતાં કે ખવડાવતાં સમાજમાં કોઇને આવડતુંજ નથી.

**મહાસભાની બેઠક.**

આખો મંડપ વિશાળ હતો અને કાંગરે કાંગરે દીપમાળા પ્રગટતી હતી. આજુબાજુ સર્ચલાઇટ હતી. તે સાગરની લહેરીઓની ઓથે એંશી હજાર માનવોએ ખુલી બેઠકમાં ભાગ લીધો હતો. દેશના મહારથીઓએ સ્ટેજપર પોતાનું આસન લીધું હતું. પહેલા દિવસે પ્રમુખનું તેમના ઉતારેથી તે મંડપ સુધીનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. જે વખતનો દેખાવ ઇન્દ્રસવારી જેવો અનુપમ લાગતો હતો. પડઘમના સૂર અને સૈનિકોની ગાર્ડ ઓફ ઓનરની સલામી કોઇ આઝાદીનું અનેરૂં ચીત્ર ખડું કરતાં હતાં. પંડિત ઓમકારનાથજીએ વંદેમાતરમનું ગીત ગાયું. એ ધ્વની અને સૂર અજબ આકર્ષક હતા—એના પડઘા હજુ પણ જાણે ગાજી રહ્યા ના હોય! બીજા દીવસે મહારાષ્ટ્રીય બહેનોનું સંગીત પણ સુંદર હતું. આખી બેઠકનું કામકાજ ખુબ કુનેહપૂર્વક, વ્યવસ્થીત રીતે રાષ્ટ્રપતિએ ચલાવ્યું હતું. ફક્ત આ વર્ષે કોંગ્રેસમાંથી મહાત્માજીની વિદાય સૌને સાલતી હતી. દરેકના મુખપર આ પ્રશ્ન વખતે ઘેરી છાંયા હતી. મહાસભા વખતે જનતાની પડાપડી, મોટરો અને ગાડીઓની દોડાદોડ, નગર બહાર ઝંડા ચોકમાં પણ હાબો માનવવૃંદની ગીરદી, વિગેરે જોનારને કોંગ્રેસ માટે જનતાના હૃદયમાં કેટકેટલું માન છે એ બતાવી આપતાં હતાં. પ્રથમ દિવસે બન્ને પ્રમુખોના (પ્ર. શ્રી. રાજેન્દ્રબાબુ અને સ્વા. પ્ર. શ્રી. નરિમાનના) ભાષણ પછી પહેલા ઠરાવપર સુધારો મુકતાં કોમ્યુનલ એવોર્ડપર ખુબ ચર્ચા ચાલી હતી. આ ઠરાવપર પૂ. માલવીયાજી લગભગ દોઢ કલાક બોલ્યા હતા.

બીજા દિવસે આ વિષયપર સંખ્યાબંધ નેતાઓ બોલ્યા હતા છેવટે મત લેવાતાં નેશનાલીસ્ટ પાર્ટીની હાર થઇ હતી. બાદ પાર્લામેન્ટરી બોર્ડ, ગ્રામ્યસુધારણા, મીસીસ જવાહરલાલજીની માંદગી અંગે પ્રજાની હમદર્દી વિગેરે કામકાજ થયું હતું. ત્રીજા દિવસે મહાત્માજીએ બંધારણ અંગે ફેરફારોનો ઠરાવ મુકયો હતો જે અનેક સુધારણાઓને ઉડાવી પાસ થયો હતો. બાદ મી. સીંધવાનો મહાત્માજીમાં વિશ્વાસ જાહેર કરતો ઠરાવ પાસ થયો હતો. સરોજનીદેવીએ મુકેલો 'છેલ્લી લડતમાં ભોગ આપનારાઓના અભિનંદનને લગતો તેમજ અહિંસક યુદ્ધમાં મદદને લગતો ઠરાવ મુકયો હતો તે હર્ષભેર પસાર થયો હતો.

આમ જુદા જુદા દસ ઠરાવો કરી મહાસભાનું કાર્ય પુરૂં થતાં આવતી સેસન માટે યુ. પી. નું આમંત્રણ સ્વીકારવામાં આવ્યું હતું.

યુવાન નેતા જવાહીરલાલજીની ગેરહાજરી ખાસ જણાઇ આવતી હતી અને સૌને મન એ દુઃખદ પ્રસંગ હતો. અધિવેશનના કામકાજમાં સાડાત્રણસો જેટલા છાપાના મુંબઇ અને દેશપરદેશના આવેલા પ્રતિનિધિઓ પ્રેસ ગેલેરીમાં જણાતા હતા.

**પ્રદર્શન.**

આ મહાસભા વખતે ખાદીનું જબરજસ્ત એક્ઝીબીશન ભરવામાં આવ્યું હતું. જ્યાં હિન્દના ખૂણેખૂણામાંથી ખાદી વેચનારાઓના સ્ટોલ હતા. પ્રદર્શન જોવાથી ખાદીએ દસ વર્ષમાં કેટલી પ્રગતિ કરી છે, કેટકેટલી જાતો આજે તૈયાર થાય છે એ જોવાથી જણાઇ આવતું હતું. આજ લગી ખાદીથી ઓલ ઇન્ડીઆ સ્પીનર્સ એસોસીએશનદ્વારા અઢી લાખ માનવોને રોટી મળતી શરૂ થઇ છે. જેમ જેમ વધુ ઉત્તેજન મળતું જશે તેમ તેમ વધુ ગરીબ ભાઇબ્હેનોને રોટી મળશે એ નિર્વિવાદ છે. આપણી અહિંસક કોમે ખાસ કરીને ખાદી વાપરવીજ જોઇએ. જેથી દેશને ફાયદો થાય અને ધર્મ સચવાય. જૈન યુવાનો આટલું કાર્ય ઉપાડી લે તોએ ઘણું કહેવાય.

**શ્રી ભારત જૈન કન્યા ગુરૂકુળ**—અનુ. . . . . પા. ૧૯૪ થી

**અભ્યાસક્રમ:—**

૧ પ્રાથમિક ચાર વર્ષ અને માધ્યમિક ૭ વર્ષનો રાખવો. પ્રાથમિક શિક્ષણ બની શકે તો મોન્ટીસોરી પધ્ધતીએ આપવા પ્રયત્ન કરવો.

(પ્રાથમિક વર્ગો માટે સ્થાનિક બાળકોને લેવાને પ્રયોગ કરવો)

૨ ગુરૂકુળમાં ગુજરાતિ કે હિંદી, ત્રણ કે ચાર ધોરણ પાસ થએલી કન્યાને દાખલ કરવી.

૩ હાલ તુરત કવેં વિદ્યાપીઠનું ધ્યેય રાખવું. તેમાં જરૂર પડયે પરિવર્તન થઇ શકે. બીજા જરૂરી વિષયોનું શિક્ષણ આપવું. (જરૂર પડે તો એકાદ વર્ષનો અભ્યાસક્રમ વધારવો)

પહેલા ચાર વર્ષમાં—ગુજરાતિ, ગણિત, ઇતિહાસ–ભૂગોળ, સામાન્ય જ્ઞાન, ગૃહવિજ્ઞાન, અંગ્રેજી તથા હિંદી, શીવણ–સંગીત–ચિત્રકળા–ભરત–ગુંથણ–પાકશાસ્ત્ર.

**ધર્મશિક્ષણ:—**

છેલ્લા બે વર્ષમાં:—ગુજરાતિ (વિશિષ્ટ) ઇતિહાસ ગૃહ-વિજ્ઞાન (વિશિષ્ટ) અંગ્રેજી, ધાર્મિક તથા નીચેના વિષયોમાંથી બેનું સરલ જ્ઞાન: સંસ્કૃત, ગણીત–નામું, ભૂગોળ, શીવણ (વિશિષ્ટ) સંગિત, હિન્દી, ચિત્રકામ (વિશિષ્ટ), કેળવણી શાસ્ત્ર. આ ઉપરાંત પદ્ધતિસર વ્યાયામની યોજના કરવી. કવેંની મેટ્રીકની પરીક્ષા અપાવવા પ્રબંધ કરવો.

**અધ્યાપકો:—**

ચારિત્રશીલ, સેવાભાવી, અનુભવી, સ્ત્રી શિક્ષણના અભ્યાસી દંપતિઓ, બ્હેનો અને વિદ્વાનો રાખવાનો પ્રબંધ કરવો—અધ્યાપકોમાં બે ચાર આજીવન સેવકો હોવા જોઇએ.

આ ઉપરાંત શિક્ષણશાસ્ત્રમાં નિષ્ણાત વિદ્વાનો અને ઉત્સાહી બ્હેનોના માર્ગદર્શન માટે પ્રબંધ કરવો.

**વ્યવસ્થા:—**

પૈસાની વ્યવસ્થા કરનાર એક ટ્રસ્ટીમંડળ, પ્રબંધ માટે સલાહ આપનાર એક સલાહકારક કમીટી, આંતરવ્યવસ્થા માટે અધ્યાપકો તથા વિદ્વાન ભાઇબ્હેનોની કાર્યકારિણી સમિતિ અને શિક્ષણ યોજના, પાઠ્યક્રમ, નિયમો વગેરે માટે શિક્ષણ સમિતિ નીમવી જોઇએ.

**સામાન્ય નિયમો:—**

ગુજરાતિ ત્રણ કે ચાર ચોપડી પાસ કરેલ બ્હેનને દાખલ કરવામાં આવશે. (૨) શરૂઆતમાં પૂરી ફી લઇને દાખલ કરવામાં આવશે. જગ્યાના પ્રમાણમાં અર્ધ માફી કે માફી અપાશે. (૩) પૂરી ફીના રૂા. ૧૦) લેવામાં આવશે. (૪) વર્ષમાં બે રજાઓ રાખવામાં આવશે (૫) રજાઓમાં પ્રવાસ યાત્રા માટે પ્રબંધ થશે (૬) કપડાં, બીછાના, થાળી, વાટકા, લોટા, પવાલું, બાલ્ટી, પુસ્તકો, સ્ટેશનરી તથા મુસાફરી ખર્ચ કન્યાને પોતાનું સમજવું. (૭) ખાસ કારણ સિવાય રજા આપવામાં આવશે નહિં. (૮) કોઇ વિવાહિત કે વિધવા બ્હેનોને દાખલ થઇ અભ્યાસ કરવો હશે તો કાર્યકારિણી સમિતિની મંજુરી મેળવવી પડશે. (૯) સંસ્થાના નિયમોનું પાલન અતિ આવશ્યક ગણાશે.

**વિશેષ:—**

પુસ્તકાલય, વાંચનાલય, ઉદ્યોગગૃહ, લલિતકલાગૃહ, વ્યાયામગૃહની વ્યવસ્થા કરવામાં આવશે. કન્યાઓની પ્રત્યેક રીતે ખૂબ સંભાળ લેવાય, પ્રત્યેક જાતની સભ્યતા–શિષ્ટતા જળવાય તેનો પૂરો પ્રબંધ રહેશે.

ખોટી ફેશન–આડંબર, સ્વચ્છંદતા ન આવી જાય તેની પૂર્ણ કાળજી રાખવા વ્યવસ્થા થશે. કન્યાઓને અનુભવી અધિષ્ઠાત્રીની સંભાળ નીચે રાખવામાં આવશે. સભા પત્રક,–ભોજન પત્રક, તહેવારો, ઉત્સવો, જયંતિઓ, ચર્ચામંડળો, આંતરવ્યવસ્થા વગેરેમાં બ્હેનો પોતે સક્રિય ફાળો આપી પોતાનો વિકાસ સાધે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

ખર્ચનું અંદાજ રૂા. ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ મકાનો માટે જોઇએ. શરૂઆતમાં ભાડાના મકાનથી ચલાવી લેવાય. તેમાં વિદ્યાલય, નિવાસગૃહ, પુસ્તકાલય, સ્નાનની વ્યવસ્થા, ભોજનાલય, ઉદ્યોગગૃહ, વ્યાયામગૃહ, દહેરાસર વગેરેની વ્યવસ્થા થઇ શકે.

આખા ગુરૂ કુળનો ખર્ચ રૂા. ૧,૦૦૦) માસીક થાય. તેમાં ૫૦ કન્યાઓના લવાજમના રૂા. ૫૦૦) બાદ કરીએ તો રૂા. ૫૦૦) આવે.

ઘર સામાન, ફરનીચર, વાસણો, પુસ્તકો વિગેરે પ્રાથમિક ખર્ચના રૂા. ૨,૦૦૦) થાય.

**ભાવના:—**

૫૦–૧૦૦ કન્યાઓ પ્રકાશવાળા સુરમ્ય, સાદા મકાનમાં કલ્લોલતી હોય, પોતાનાં ને ગુરૂકુળના કામો હોંશે હોંશે કરતી હોય, પરીક્ષાના બોજાથી મુક્ત, નિર્ભયતા અને સ્વતંત્રતાના વાતાવરણમાં ઝાડોની તાજી હવામાં શિક્ષણ લેતી હોય, વિવિધ હુન્નર ઉદ્યોગનાં કામો શીખતી હોય, વ્યાયામ–સંગિતમાં આગળ ધપતી હોય, શાંતિથી ભોજન કરતી હોય, વાંચનાલય બાળાઓથી ભરચક રહ્યું હોય, શાંત-સૌમ્ય-પવિત્ર વાતાવરણમાં ગુંજારવ કરતી બાલિકાઓ–સંસ્કારિતા–ઉચ્ચ જીવન–ભાવના, માધુર્ય, સ્વાશ્રય અને સાદગીના પદાર્થ પાઠો મેળવતી હોય.

આવું કન્યા ગુરૂકુળ ભલે આજે નાના પાયે શરૂ થાય પણ દસ વર્ષમાં સ્ત્રી કેળવણીના આખા પ્રશ્નને ઉકેલીને સમાજ પાસે સુશીલ ગૃહિણીઓ–સાચી સેવિકાઓ, સંસ્કારી શિક્ષીકાઓ ધરી શકે.

તે દ્વારા સમાજના અનેક રોગો, વહેમો, અજ્ઞાનતા, સડાઓ અને રૂઢીઓનો નાશ થશે.

જે નવજીવન–નવચેતન સમાજમાં જોવા આપણે તલસીએ છીએ તેની એક દિશામાં પ્રભાતના કિરણો પહોંચી ગયાં હશે. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઇ પ્રકાશ–પ્રકાશ દેખાશે.

આજ સુધીમાં કુમારો માટે આલીશાન મકાનો, લાખોના દાનો, સ્કોલરશીપો, સંસ્થાઓ, જૈન સમાજના દાનવીરોએ સ્થાપીને ઉજ્જવળ કાર્ય કર્યું છે. હવે ગૃહસ્થના સૂત્રધાર સમી કન્યાઓના શિક્ષણ માટે એકજ ગુરૂકુળ થવું શું મુશ્કેલ છે ? !

---

**ભારતમાં** એક લાખમાંથી એક પુરૂષ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે, અને દસ લાખ પુરૂષોમાંથી એકને વિજ્ઞાન (સાયન્સનું) શિક્ષણ આપવામાં આવે છે.

# અ..................વ..................ન..................વા.

**અમદાવાદઃ**—અમદાવાદ છાત્રાલય મંડળના મંત્રીઓ જણાવે છે કે રવિવાર તા. ૧૪મી ઓકટોબરે બપોરે જૈન વિદ્યાર્થી મંદિરમાં અમદાવાદના જુદા જુદા નવ છાત્રાલયના ગૃહપતિઓની સભા શ્રી અહેમદમીયાં ફારૂકીના પ્રમુખપદે મળી હતી. સભાની શરૂઆતમાં પ્રથમ એમ નક્કી થયું હતું કે અમદાવાદનાં બધાં છાત્રાલયોના ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓનું સંગઠન કરવા માટે સૌએ પ્રયત્ન કરવો. અને એ સંગઠનથી સહકાર કેળવાય એ દૃષ્ટિએ અમદાવાદ છાત્રાલય મંડળ તરફથી વર્ષમાં બે વખત સ્નેહ સંમેલન કરવાં તેવું પ્રથમ સંમેલન આવતા ડિસેમ્બર માસની ૨૭ તારીખે કરવાનું સર્વાનુમતે ઠરાવ્યું હતું અને તેને અંગેની બધી વ્યવસ્થાનું કાર્ય કરવા માટે એક કાર્યવાહક સમિતિની નિમણૂંક થઇ હતી.

**એક કન્યાનું વેચાણ**—રાધનપુરથી ઉત્તરે ૨૭ માઇલ ઉપર આવેલ એટા ગામના જૈન વાણિયા (વિશાશ્રીમાળી) સાંકળચંદ ગુલાબચંદે પોતાની દીકરીનું સગપણ રામપરાના એક વણિક સાથે રૂા. ૨૦૦૦) બેહજાર લઇને કર્યું છે, એવા સમાચાર એક ખબરપત્રી આપે છે.

**શ્રી જૈન ગુરૂકુળ બ્યાવરઃ**—જૈન ગુરૂકુળ, બ્યાવરનો મહોત્સવ વિજયાદશમી ઉપર ખુબ આનંદ સફળતાપૂર્વક ઉજવાયો. બહારથી મોટી સંખ્યામાં શ્રીમંતો વિદ્વાનો અને શિક્ષણ સંસ્થાઓની ઉપસ્થિતિ હતી. આસપાસથી અને દૂરથી અન્ય મહેમાનો પણ પધાર્યા હતા.

ગુરૂકુળોત્સવ પ્રસંગે શિક્ષણ પરિષદ પણ મળી હતી. આ પરિષદે પ્રસિધ્ધ પં. બેચરદાસજી દોશીની અધ્યક્ષતામાં રચનાત્મક કાર્યની રૂપરેખા ઘડી છે. અને પરિષદને સ્થાયી રૂપ આપ્યું છે.

**બોટાદઃ**—અત્રે ચાતુર્માસ રહેલા બે સાધુમાંથી એક સાધુને માથે કુદરત વિરૂધ્ધ કર્મ સેવનનો આરોપ આવ્યો છે. જનતામાં જબરો કોલાહલ છે.

## શ્રી મલાડ જૈન મંદીરની વાડીમાં બનેલો અપુર્વ બનાવ.

સર્વે જૈન ભાઇઓને જણાવતાં ખુશાલી ઉપજે છે કે મલાડના દાનવીર શેઠ દેવકરણ મુળજીભાઇના મંદીરની વાડીમાં શેઠની આખરી બીમારીનો લાભ લઇ તેમના મેતાજી ભાઇશંકર પ્રભાશંકરે શેઠની રજા વગર તેમના વિશ્વાસનો ભંગ કરી વાડીની જગ્યામાં શંકરની દહેરી ઉભી કરેલ જેવટે શેઠે પોતાના છેલ્લા વીલની કલમ ૧૪ મુજબ શંકરની દહેરી કાઢી નાખવાનું જણાવેલ છતાં વીલને પાંચ પાંચ વરસ વીતી ગયા તોપણ ટ્રસ્ટી સાહેબોની આંખ ઉઘડી નહીં અને મેતાજીનેજ વાડીની દેખરેખમાં રાખેલ એટલે ફરીથી દહેરીને રીપેરીંગ કરાવી નાખી. અને અત્રેના સંઘે ફરીથી ટ્રસ્ટી સાહેબોને તે બીનાથી વાકેફ કરેલ છતાં પણ ધ્યાનમાં ન લેતાં આંખમીચામણાં કરેલ જેવટે સંઘને ટ્રસ્ટી સાહેબો સાથે પત્રવહેવારમાં ઉતરવાની ફરજ પડી જેથી ટ્રસ્ટી સાહેબોએ મેતાજીને વાડીમાં આવતો બંધ કર્યો. તે પછી બાબુરાવ નામનો બ્રાહ્મણ અત્રે આવી અત્રેના વસ્તા હીન્દુઓની દહેરી બાબત અરજી ઉપર સહીઓ કરાવી ઉશ્કેરવા પ્રયત્ન કરતો વાડીમાં આવ્યો પરંતુ, અજાણ્યો માણસ જાણી ત્યાં વસતા લોકોએ બુમો પાડી એટલે તે સહીઓ કરાવેલી અરજીવાળો કાગળ ત્યાં ફેંકી ભાગી ગયો તેમાં કોનો હાથ હશે?

જેવટે શીવરાત્રીને દીવસે તોફાન થશે એમ લાગવાથી ટ્રસ્ટીસાહેબોને તે બીનાથી વાકેફ કરેલ અને જેથી શ્રીમતથા પોલીસનો બંદોબસ્ત ટ્રસ્ટી સાહેબોએ કરી આપેલ. શીવરાત્રીને દીવસે ધારવા પ્રમાણેજ બન્યું. કેટલાક બાવાઓ, અને બીજાઓ શીવની પુજા કરવા આવ્યા પરંતુ પોલીસનો બંદોબસ્ત સારો હોવાથી વધુ ધાંધલ થતું અટક્યું, અને ત્રણ મહીના સુધી શીખ પહેરેગીરને ભવીષ્યમાં તોફાનની ધાસ્તીને લીધે રાખવો પડ્યો જેવટે વાંદરા પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબે ટ્રસ્ટી સાહેબોને ફરજ પાડી કે આટલું ધાંધલ થાય છે અને વીલમાં દહેરી કાઢી નાખવાનું જણાવેલ છે છતાં કેમ કઢાવતા નથી તમોને જોઇતી મદદ આપીશું. ત્યારે ટ્રસ્ટી સાહેબોએ અત્રેના સંઘની મદદથી દહેરી કઢાવી નાખી મેહતાજીને રાજીરાખવાની ખાતર શેઠની મુલુંડમાં જે જગ્યા હતી તેમાંથી આઠશો વારને આસરે દહેરી બંધાવવા જગ્યા આપી. ટ્રસ્ટી સાહેબોએ તે જગ્યા કેટલા રૂપીઆમાં વેચાણ આપી અને તે રૂપીઆ વસુલ લઇ ટ્રસ્ટ ખાતામાં જમે કરાવ્યા છે? એનો ખુલાસો ટ્રસ્ટી સાહેબો જનતાની જાણ ખાતર જણાવશે.

ઉપર પ્રમાણે મેતાજીએ ગેરવર્તણૂંક જણાવ્યા છતાં ટ્રસ્ટી સાહેબો કેમ ચલાવી લે છે અને તેજ મેતાજીને ફરીવાર મલાડના મંદીરની વાડીનું કામકાજ સોંપવા માગે છે તેવું તેના સોલીસીટરો મારફત નોટીસથી જણાવે છે તેમાં તેમનો શું હેતુ સમાયેલો હશે? (પહેલાની માફક તોફાન કરાવી અશાંત વાતાવરણ ઉભું કરાવવા માગે છે?)

---

**મહાસભામાંથી**..................અનુ. . . . પા. ૧૯૩ થી

તો પશ્ચિમ ક્યારે ક્યારેક અકળાઇ મરશે. નિષ્ફળ વહી જતી શક્તિનો આ કર્મયુગમાં સંચય કઇ રીતે થઇ શકે તે માર્ગ દાખવી ભલભલા મહારથીઓને કર્મયોગી બનાવનાર કેટલો આદર્શ પુરૂષ હશે,

તમામ સારી સંસ્થાઓ સ્હામે બખાળા પાડવાની આદત પડી ગયેલી છે તેવા માનવીઓએ મહાસભા સામે એ ગંદું પ્રચારકાર્ય કરવા માંડ્યું. પણ શી તાકાત છે માનવીની, એકાદ પક્ષની કે જ્યાં સુધી **જીવનયોગીઓથી** એ સમૃદ્ધ છે, સેવા જેનો મંત્ર છે. એવા એના સુત્ર સંચાલકો છે, ત્યાગ જેનો આનંદ છે, કુરબાની જેની જીવનની તાલાવેલી છે, સત્ય અને અહિંસા જેના વિજય સૂત્રો છે, ત્યાં સુધી એને આંચપણ ક્યાં શકે?

મતભેદે લડી મરવાનું તો અંદર હોય, છતાં કોઇ મહારથી માર્ગ ભુલે, થોડાક કાળ માટે ભોરવા માટે તોએ મહાસભાને તોડી પાડવાની ઇચ્છા કરનારાઓ એમ ન સમજે કે તેમનો એ તમને ટેકો છે.

ગમે તેટલું તોયે એ માડી જાયા બાંધવ છે. આજે નહીં તો કાલે એજ હાથ મિલાવવાના છે. ભારત માતાનો એક સાદ આવશે ત્યારે બન્ને દિશામાંથી એકજ ખોળામાં એ દોડી આવી બેસી જવાના છે. (અપૂર્ણ.)

**ડાહ્યાલાલ વી. મહેતા.**

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ પી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબાઇ નં. ૨ તરફથી જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

કન્યા ગુરૂકુળ.

Reg. No. B. 3220




વાર્ષિક લવાજમ ૧-૮-૦ | છુટક નકલ ૧ આનો.
શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર | તંત્રી: મણીલાલ એમ. શાહ.
વર્ષ ૧ લું અંક ૨૨ મો. | શુક્રવાર તા. ૧૬-૧૧-૩૪.

# ભલે આવો.

સડેલાં અંગ સુધારવા ડોક્ટર આવે છે. પરૂએ દુર્ગંધિત અંગ એ કાપવા સુચવે છે, ત્યારે કોઇ અતિ ડાહ્યા સુચવે: 'કાપતાં પ્હેલાં નવું અંગ ઉભું કરી આપો.' સુચવનારની મુર્ખાઇ વિષે શું કહેવું?

દુર્ગંધ મારતો કચરાનો ગંજ બાળીને વિનાશ કરવાનો હોય છે. બળે ત્યારે ધુમાડો સંભવેજ. કોઇ કહે: 'ધુમાડો કરતાં પ્હેલાં સુગંધ પ્રસરાવો.' એની બાલિશતા વિષે શું કહેવું?

વિકૃતિ અટકાવો, વિકૃતિ સુધારો અને બાકીનું બધું કુદરત સંભાળી લેશે. શરિરનું સડેલું લોહિ નીકળી ગયું—નવું લોહી આશ્ચર્યભરી રિતે ભરાઇ જશે. દુર્ગંધ મિટાવો—જગતના ગમે તે ખુણાથી સુગંધ આવી પ્રસરી જશે. એ કાર્ય કુદરતનું છે—અને જગતની એ નિયંત્રીત શક્તિ અવિરત કાર્ય કર્યેજ જાય છે.

સમાજની સડેલી મનોદશા સુધારવા 'શિરસાટે', પ્રતિષ્ઠામાં પુળો મૂકીને જુવાનો મથી રહ્યા છે—બીજી તરફ અંધશ્રદ્ધાળુઓ વધે એમાં સ્થાપિત હિત ભાળનારાઓ કળકળી ઉઠ્યા છે.

એમને પક્ષે બુદ્ધિ રૂંધાઇ રહી છે, ભાવના નથી, દલિલ નથી એટલે ગાળો દેવા સિવાય બીજો માર્ગ બાકી નથી. અને એ એક માર્ગનો એ બરાબર ઉપયોગ કરી રહ્યા છે.

એ કહે છે: 'તરૂણ જૈનો ધર્મના દુશ્મનો છે. વિનાશ વિના વાત કરતા નથી.'

બરાબર છે. પરૂમાંનાં જંતુઓ—જ્હે સમાજ શરીર ભરખીને આલોકનું કલ્યાણ મેળવે છે ત્હેમને—પરૂનો ધોનાર—સમાજ શરીર નવપલ્લવિત કરનાર દુશ્મન લાગે એ સાવ સ્વાભાવિક છે.

અમે એમને સમજી શકીએ છીએ. નવપલ્લવિત સમાજ થતાંજ એમનું મૃત્યુ એ જોઇ શકે છે; નવવિચારના પ્રચાર સાથેજ જૂનાં મુલ્યથી હવે ઠગી શકાશે નહિ એ એ સૌ સમજી ગયા છે. અને એથી નવા વિચાર સ્હામે શક્ય ત્હેટલા બંધ બાંધવા એ પ્રયત્ન કરી રહ્યા છે. અમારી એમના પ્રત્યે ખૂબ ખૂબ દિલસોજી છે. અમે દિલગીર છીએ કે એમના—એમના માનસના—વિનાશમાંજ સમાજનું સ્પષ્ટ કલ્યાણ અમે ભાળીએ છીએ.

સમયવ્હેણ જુનવાણીને ભરખતાં સર્રર્ર સુસવાટા દેતાં વહ્યાંજ જાય છે. યંત્રોથી ધીબાવીને, ત્વરિત વેગમાં ધસતી જડને એ બુદ્ધિહિન આચારવિચારોનો—ભલે એ શાસ્ત્રો સંમત હોય તો પણ—સત્વર વિનાશ આદરે છે.

જ્હેનામાં ઉત્સાહ ને પ્રાણ છે એ આ નવા કાળનો ધ્વનિ પારખે છે. એ કાળનાં સાધન બને છે અને મૃત કલેવરપર બાઝેલાં અંધશ્રદ્ધાના પોપડાં સામર્થ્ય સમેત ઉખેડવા યત્ન કરે છે.

એ માને છે કે જ્હે પોપડાએ પ્રકાશ રૂંધ્યો, વિકાસ રોધ્યો અને પરલોકની પાગલ માન્યતા પ્રસારી આલોક બગાડ્યો, જ્હેણે આજીવન રસહિન કરી દીધું એ પોપડા ઉખેડીજ નાંખવા રહ્યા. શરીરની લગોલગ એ ચોંટેલા હોય, એને ઉખેડતાં સહજ ચામડી છોલાતી પણ હોય—તોય એ વેદના સહી લઇને પણ એ પોપડા ઉખેડવાજ જોઇએ.

અનુ.

પા. ૨૦૭

# તરૂણ જૈન.

શુક્રવાર, તા. ૧૬-૧૧-૩૪.


## કન્યા ગુરૂકુળ.

ગઇ કાલ આથમી ચુકી છે. અને એ ગઇ કાલના રંગો પલટાતા ચાલ્યા છે. નવી ભાવના, નવાં બળો પ્રચંડતાથી સંસ્કાર પલટાવતા ને પ્રસારતા જીવનનાં તમામ ક્ષેત્રે વિસ્તરી રહ્યાં છે.

ગઇ કાલની પાંચીકુંકે રમતી ને ફેરફુદડી શિખી ઘરના અંધારખુણે રસોઇ, વાસણ ને કપડામાં ગોંધાઇ રહેતી કુમારિકા 'કેસરીઆ વાઘા સજી' મયદાનમાં ઊભાં રહેતાં શીખી છે.

ખુબ હિમ્મત અને અથાક જહેમત છતાં કોણ જાણે કયમ આપણી કુમારિકાઓ નબળી—ખુબ નબળી લાગે છે. શારીરિક તંદુરસ્તી કરતાંય માનસિક વિકાસની ખુબ ઊણપ જણાઇ આવે છે. અને એક સમાજ તરીકે આપણે એના તરફની ફરજ ભુલ્યાં છીએ—જીવનરથનું એક પૈડું આપણે સાવ નકામુંજ રહેવા દીધું છે એમ જણાઇ આવ્યા વિના રહેતું નથી.

શિક્ષણ અર્થે આપણે ત્યાં કન્યાશાળાઓ છુટીછવાઇ છે ખરી, પણ એ શાળાઓ અને એનું શિક્ષણ સાવ પ્રાથમિક અવસ્થા પુરતુંજ છે. એથી પુરતો વિકાસ સંભવી શકે નહિ. અને એવી શાળાઓને તમામ વિકાસનું સાધન માની ફરજની પરિપૂર્ણતા સ્વિકારી લેવાની ભુલ આપણે નહિ કરવી જોઇએ.

આ દ્રષ્ટિબિંદુઓથી તપાસીને શ્રી. ફુલચંદ દોશીની યોજનાને અમે ગતાંકમાં પ્રસિધ્ધ કરી છે. કન્યા ગુરૂકુળની આ તબકકે અમે અત્યંત આવશ્યકતા સ્વીકારીએ છીએ.

એ યોજના અપનાવવાની તમામ શકિતપૂર્વક અમે જૈન સમાજને વિનંતી કરીએ છીએ.

જોયું નથી એવા સ્વર્ગે જવા આપણે ખુબ પૈસા વેડફીએ છીએ. જાહોજલાલીના પ્રદર્શનાર્થે આપણે આપણી તાકાતથીય વધુ દ્રવ્યો ખર્ચીએ છીએ. ભોજનસમારંભોમાંય આપણા વ્યયને સિમા નથી. આજે વિવાદાસ્પદ વસ્તુઓ સ્હામે અમ્હે અંગુલીનિર્દેષ નથી કરવા ચાહતા પણ અનેક માર્ગોએ આપણે દ્રવ્યનો દુરૂપયોગ કરી રહ્યા છીએ.

ઘણા આ સ્હમજે છે અને પૈસા કેમ વાપરવા, એનો સદુપયોગ લક્ષમાં રાખીને ઉપયોગી એવાં ક્ષેત્રો શોધે છે. એવા તમામને આ યોજના વધાવી લેવા અમે અનુરોધ કરીએ છીએ.

અંગત વાતચીત દરમ્યાન આ યોજના પાછળ શકિત ખર્ચનારાં, એની પાછળ ભેખ લેનારાં માણસો છે એમ અમને જણાયું છે. ભેખ લેનાર છે તો ભેખધારીની ઝોળી જૈન સમાજે ભરીજ દેવી જોઇએ. કાર્ય કરનારને આર્થિક ચિંતાથી મુકત કરી દેવાની જૈન સમાજની સ્પષ્ટ ફરજ છે. અને એ ફરજ સહજ પણ આનાકાની વિના સહર્ષ જૈન સમાજ બજાવશે એમાં અમને લેશ માત્ર શંકા નથી.

શ્રી. ફુલચંદ દોશી એમની યોજનાને મુર્ત સ્વરૂપ આપે એ દિવસની અમે કલ્પના કરી રહ્યા છીએ, ભાવિના એ ગર્ભમાં રહેલા દિવસને અમે આવકાર આપીએ છીએ.

## મૂર્તિવાદ.

શાસ્ત્રોના નામે ખપતાં પુસ્તકો તરફ નજર ન કરતાં, સીધી ને સરળ વાત આપણે વિચારીશું તો સમજાશે કે જગતપર માનવી આવ્યો ત્યારે મૂર્તિવાદ, ઇશ્વરવાદ કે ધર્મવાદ જેવું કશું નહોતું. એ માનવીઓ જંગલમાં રહેતાં, ફળફળાદીપર જીવન ચલાવતાં અને લહેર કરતાં.

અનેક વર્ષો બાદ એ રખડતાં માનવીનાં ટોળાંઓ સંગઠિત થઇ જુદે જુદે સ્થળે વસવા લાગ્યાં—વસ્યાં અને તે શહેર કે ગામડાથી ઓળખાયા; વિચારશકિત ખીલવાથી ખેતીની શરૂઆત થઇ, નાના મોટાની, માલીક નોકરની, રાજા પ્રજાની શરૂઆત થઇ. સાથેજ પાપ પુણ્ય, સ્વર્ગ નર્ક, ધર્મ અધર્મની જડ નખાઇ. એટલે બ્રાહ્મણોએ—ઋષિઓએ વેદની સ્મૃતિઓ રચી. વેદકાળ સુધી કોઇ સ્થળે મૂર્તિપૂજાના દર્શન થતાં નથી, પરંતુ સ્તુતિ–પ્રાર્થના જણાય છે અને તે પણ વરૂણ, વાયુ, અગ્નિ, પહાડ, પર્વત, સમુદ્ર, નદિઓ, આકાશ, સૂર્ય ઇત્યાદિની સ્તુતિઓ રચાઇ.

વિદ્વાનો વેદને લગભગ ૭ હજાર વર્ષનું અંતર કહે છે એ ૭ હજાર વર્ષપર સ્તુતિ ને પ્રાર્થના કરતા, છતાં અગ્નિ, વાયુ, ઇત્યાદિ ઉપદ્રવો ચાલુજ હતા, એટલે તેને રીઝવવા નિર્દોષ પશુ પક્ષીઓ ચઢાવવાની માન્યતા ગ્રીસ, રોમ, મીસર, તાતાર, ભારત, ઇત્યાદિ દેશોમાં શરૂ થઇ, ત્યારથી પ્રેત ને પણ પુજો દેખા દે છે. તે પણ વ્યસન તરીકે નહિ પરંતુ વર્ષમાં એક બે દિવસજ તેની પુજા થતી.

આજથી પચીસો વર્ષપર મૂર્તિપુજા કે મંદિરો નહોતાં એમ શોધકો ને પંડીતો કહે છે.

આર્ય સમાજના સ્થાપક દયાનંદ સરસ્વતિ કહે છે કે "મૂર્તિપૂજાની શરૂઆત જૈનોએ વિક્રમ સંવતની શરૂઆતથી કરી છે."

પંડિત બહેચરદાસ કહે છે કે "બુધ્ધ અને મહાવીરના નિર્વાણકાળ બાદ બસો વર્ષ પછી મૂર્તિપૂજાની શરૂઆત થઇ."

સરસ્વતી ૧૯૧૯ જુલાઇ, દેવોતરકા પ્રતિહાસ પૃ. ૭૨૦ લેખમાં એક વિદ્વાન જણાવે છે કેઃ

મૂર્તિપૂજાકી ઉત્પત્તિ યા તો યહીંકી બસી હુઇ જંગલી જાતિઓંકી નકલ કરકે હુઇ હોગી, યા ઉસ સમયકી બાહરસે ધાવા કરનેવાલી જાતિયોંકી દેખાદેખી સીખી ગઇ હોગી. બુદ્ધકે જીવનમેં શાયદ ઉનકે લીયે કોઇ મંદિર નહીં બના થા. પરંતુ ઉનકી મૃત્યુકે ઉપરાંત બહુતસે મંદિર બન ગયે. જીનમેં ઉનકી મૂર્તિયાં રકખી ગઇ. જબ તાંત્રિક બૌધ્ધ મતકા પ્રચાર બઢા તબ બહુતસે મંદિર બનાયે જાને લગે. તાંત્રિક મતકે અનુસાર બૌધ્ધ, વૈષ્ણવ ઔર શિવ મતોંકા મેલ હોકર જૈસા ધર્મ નિકલા જીનમેં દેવતા ઔર દેવીકી પૂજા સાથ અનુ. . . . . . . . .

પા. ૨૦૭

# શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ખુલ્લો પત્ર.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર
પ્રતિનિધિઓની સેવામાં,

મુ. અમદાવાદ.

પાલીતાણા ઉપર શ્રી આદીશ્વર ભગવાનના દહેરાસરમાં થતાં જીર્ણોદ્ધાર અને પ્રતિમાઓના ઉત્થાપનથી વર્તમાનપત્રોમાં થયેલા ઉહાપોહ સંબંધી તથા બે વરસથી હીંદુસ્થાનના સ્થાનિક પ્રતિનિધિઓની સભા નહી મળવા બાબત આપને તા. ૩-૧૧-૩૪ ના રોજ પત્ર લખી ખુલાસો માગેલો તેનો જવાબ જાવક નંબર ૩૮૨૨ તા. ૭-૧૧-૩૪ નો મને મળ્યો છે. તે પહેલાં સભા મળવાની આમંત્રણ પત્રિકા મને મળવાથી આપને ઉપરની હકીકત સંબંધી ટુંકામાં પત્ર લખી તથા તે સાથે તા. ૭-૧૧-૩૪ નું "જન્મભૂમિ" પત્ર બીડી ખુલાસો માગેલો છે. પરંતુ તે પછી આપનો સદર જવાબ મળ્યો. તેમાં કેટલીક હકીકતો સંબંધી તા. ૭-૧૧-૩૪ નું જન્મભૂમિ પત્ર વાંચતાં વિશેષ શંકાઓ ઉપસ્થિત થવાથી અને કેટલીક બાબતોનો ટેકો મળવાથી આપની પાસે નીચેની બાબતોનો ખુલાસો મેળવવા રજા લઉં છું તો તે આપવા કૃપા કરશો.

આપ જવાબમાં જણાવો છો કે "શ્રી પવિત્ર શત્રુંજય ઉપર શ્રી આદીશ્વર ભગવાનના મોટા દેરાસરમાં કેટલુંક આરસકામ કોન્ટ્રાકટર મારફત કરાવવામાં આવે છે." તો આપને પુછવાનું કે (૧) કોન્ટ્રાકટર મારફત થતા કામનો કોન્ટ્રાકટ કેવી શરતે આપેલો છે? (૨) શું થાંભલા કોચીને શોભાની ખાતર આરસ બેસાડવાનું ઠરાવેલું છે? જો તેમ હોય તો તેમાં કોઇ એનજીનીયર કે સારા અનુભવી જાણકાર કારીગરની સલાહ લીધેલી છે? (૪) તે કામનું એસ્ટીમેટ કેવી રીતે કરેલું છે? અને (૫) તે કામ ઉપર કોની દેખરેખ રહે છે?

"જન્મભૂમિ" પત્ર લખે છે કે "પ્રતિનિધિ સાહેબો આટલું કરતા ગયા કે કોન્ટ્રાકટરના કામપર પેઢીના મુનીમની દેખરેખ નહોતી તે આપતા ગયા છે. પેઢીનાજ મીસ્ત્રીને કંટ્રાકટરના કામપર દેખરેખ રાખવાની મનાઈ હતી તે દુર કરી." આ ઉપરથી ખ્યાલ આવે છે કે પ્રતિનિધિઓ જોઈ ગયા ત્યાં સુધી કોન્ટ્રાકટર ઉપર કોઇની પણ દેખરેખ નહોતી. માટે તે સંબંધી ખુલાસો થવાની આવશ્યકતા છે.

વળી જન્મભૂમિ પત્ર લખે છે કે "પ્રાચીન થાંભલાને કોચી ચોડેલ આરસનું કામ કેવું મજબુત થયું છે તે જોવા એક થાંભલાપર ટાંકણું મરાયું. આરસની એક લાદી ઉખેડવામાંજ આવતાં પાછળ પોલ જેવું જણાયું. વધુ ખાત્રી કરવા સળી કે એવું કાંઇ એક પોલાણમાં પેસવવામાં આવ્યું. તો તે અંદર પેસવા માંડયું. આ પછી અતિ પ્રાચિનતમ એક થાંભલો હાથ લેવાયો. એની મજબુતીની ખાત્રી કરવા ટાંકણાપર હથોડો પડે, ટાંકણાની અણી બુઠ્ઠાઇ જાય, તણખા ઝરે ત્યારે માંડ કાંકરી ખરે. પ્રાચીન વખતના કામની આટલી હદે મજબુતી જોઇ કેટલાક તો દીંગ થઇ ગયા. સમજદાર મનુષ્યને તો જરૂર એમજ થઇ આવે કે ધરતીકંપ સામે ટક્કર ઝીલે એવી આ પ્રાચીન કળા અને સ્થાપત્યને અર્વાચીન રંગ અને તકલાદીપણું કેમ આપવામાં આવ્યું હશે?"

એ પ્રમાણે જન્મભૂમિ લખે છે તો તેનો આપ શો ખુલાસો આપો છો? થાંભલા કોચવાથી કમતાકાદ બને છે તે શું કોઇ જાણે છે. ટાંકણાથી કોચી આરસના રંગબેરંગી કકડા ચોડવા તે તો બહારની શોભા છે પણ ભીતરની કમજોરી છે. દેવાલયનું આયુષ્ય ઓછું કરનાર છે. આ બહુજ ગંભીર પ્રશ્ન છે.

આપ લખો છો કે "દેરાસરમાં ગોખલાનું કામ કરતાં અનિવાર્ય જણાતાં નાની સત્તર પ્રતિમાજીઓને ઉત્થાપન કરવાની જરૂર પડી હતી ને તેને ઉપાડીને સુરક્ષિત રાખવામાં આવી હતી. પણ ત્યાં હાલ કેટલાક કારણસર કેટલીક આંતરીક ખટપટ ચાલ્યા કરે છે તેથી આવી નાની બાબતને મોટું રૂપ આપવાને નાહકનો ઉહાપોહ કરવામાં આવ્યો હતો. આ બાબતના સમાચાર અત્રે મળતાં અત્રેથી તરતજ વહીવટદાર પ્રતિનિધિઓ શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઇ, શેઠ ભગુભાઇ ચુનિલાલ, શેઠ ચીમનલાલ લાલભાઇ તથા શેઠ મયાભાઇ સાંકળચંદ ગયા હતા. ત્યાં જઇને ત્યાંના સ્થાનિક ગૃહસ્થોને લઇ જઇને ઉપરનું તમામ કામ તેમને બતાવ્યું હતું ને પ્રતિમાજી ઉત્થાપન સંબંધમાં ખુલાસો કરીને તેઓને સંપૂર્ણ સંતોષ થાય તે પ્રમાણે કર્યું હતું."

આ આપના લખાણ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે કોન્ટ્રાકટરે પ્રતિમાઓનું ઉત્થાપન કર્યું છે એ વાત તો નિર્વિવાદ છે. તો હવે તે સંબંધી આપને પુછું છું કે (૧) કોન્ટ્રાકટરને પ્રતિમાઓ ઉત્થાપન કરવાનું અનિવાર્ય જણાયું ત્યારે તેણે તમને તે બાબતની ખબર આપી હતી? (૨) ઉત્થાપન કરવાને એવું શું અનિવાર્ય કારણ કોન્ટ્રાકટરને જણાઇ આવ્યું? (૩) આપની સંમતિ લીધા બાદ પ્રતિમાઓ ઉત્થાપન કરી હતી કે કોન્ટ્રાકટરે મનસ્વીપણે? (૪) ઉત્થાપન કરવાની જરૂર પડી હતી તો તેમને પાછી સ્થાપીત કરવા આપની સંમતિ અનુસાર શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવી હતી કે બધું કામ બારોબાર કોન્ટ્રાકટરે પતાવી દીધું હતું? (૫) સ્થાપિત કરી તો તે કયા દિવસે કરી?

મજબુત થાંભલા કે જેના આધારે દેવાલય ટકેલું છે તેને કોચી કમતાકાદ કરવા અને પ્રતિમાજીઓને ઉત્થાપન કરવી એવી મોટી અને ગંભીર બાબતોને આપ નાની ગણો છો તે આશ્ચર્યની વાત છે. આવી ગંભીર અને મોટા સ્વરૂપની બાબતોને ત્યાંના સંઘના કેટલાક માણસો પ્રકાશમાં લાવે તેને ઉશ્કેરાટ શી રીતે ગણી શકાય? ખરૂં કહેવડાવો તો જૈન જનતાએ તેવા માણસોનો ઉપકાર માનવો જોઇએ કે આવી ગંભીર બાબતો પ્રકાશમાં લાવી જૈન જનતાને વાકેફગાર કરી. પાલીતાણાના સંઘને સંતોષ થયાનું જણાવો છો. પરંતુ જન્મભૂમિ પત્રમાં તો મહાજનનો કચવાટ કાયમ છે. એ ગમે તેમ હોય, પરંતુ જાહેર જનતાને જે અસંતોષ થયો છે તે દુર કરવા આપ શાં પગલાં ભરવા માગો છો? આશા છે કે ઉપરના બધા પ્રશ્નોનો ખુલાસાવાર જવાબ આપવા મહેરબાની કરશો. ભારતવર્ષના જૈન સંઘને સંતોષ આપવાની જરૂર છે.

અનુ. . . . . . પા. ૨૦૬

# ...............લોહીનાં વેચાણ...............

[ એક ટૂંકી વાર્તા ]

લેખક: ભોગીલાલ પેથાપુરી.

સમી સાંજનો વખત છે. ઘર આંગણે માણસોની ઠઠ જામી છે, રોશની પૂર બહારમાં પ્રગટાવવામાં આવી છે. શરણાઇના સૂર આગળ એકબીજાના શબ્દ પણ કાને અથડાતા નથી. કોઇ ગીત ગાઈ રહ્યું છે તો કોઇ નવલશા હીરજીની માફક આમતેમ આંટા મારી રહ્યા છે. તેવામાં તેજ ગામનો ઉચ્ચ કુટુંબમાં ઉછરેલ નરહરી નામનો યુવક ફરતો ફરતો ત્યાં આવ્યો, અહિંઆ શાની ધમાલ છે એ જાણવાની ઉત્કંઠાથી ત્યાં ઉભો રહ્યો. નરહરી બી. એ. (ઓનર્સ) હતો, પોતાના વિચારો ગામની દ્રષ્ટિએ ઘણા આગળ પડતા અને ગામના લોકો તેને ઉદ્ધત તરીકે સંબોધતા. ખરી રીતે તેનામાં એવું એકેય લક્ષણ ઉધ્ધતાઇનું ન્હોતું, પણ પોતાના સુધારક વિચારો અઢારમી સદીના એ જીવંત પુતળાઓને ઉધ્ધતાઇભરેલાં લાગતા. ગામમાં ધંધા રોજગારના નામે મીંડું હોવાથી ઘણો ભાગ બહારગામ રહેતો હતો. હમણાંજ નરહરી પોતાના વતન આવેલો—પોતાના વતનમાં વ્યાપેલી અંધ રૂઢી—અજ્ઞાનતા કેમ નાશ થઇ સત્ય માર્ગે વળે તેજ સ્વપ્નામાં અહોનીશ—કોઇના રૂબરૂ તો કોઇ વખત વર્તમાનપત્રોદ્વારાએ પોતાના વિચારો જણાવવાની તક લેતો. અહીંઆ આ પૂર બહાર રોશની, ધમાલ, પૈસાનું પાણી થતું જોઇ તે કળી શક્યો કે કોઇનો લગ્નપ્રસંગ ઉજવાય છે, પરંતુ એ કુળાભિમાન અને આડંબરની પાછળ આટલા પૈસાનો ધૂરેશ કરવો તેના કરતાં જ્ઞાતિના હજારો બલ્કે લાખો ભાઇઓ ભૂખે દિવસો ગુજારે છે અને નોકરી માટે અહીં તહીં ભટકી ભીખ માંગી જીવન પૂરું કરે છે તેવાઓને સીધી લાઇનપર લાવી તેમનાં જીવનનાં પલટા માટે ખરચવામાં આવે તો જરૂર આપણી કોમ એક આદર્શ કોમ તરીકે જગતમાં જીવી જાણે—તેટલામાં તો એ વિચારમાળા તૂટી અને ખભાપર જોરથી હાથ પડતાં ચમક્યો. પાછળ જોતાં ઘણા જુના વખતનો મિત્ર રસીક તેની પાસે ઉભેલો જોતાં પૂછ્યું: રસીક તું ક્યાંથી?

રસીક—તું મ્હને ઉલટો પૂછે છે કે તું ક્યાંથી? સફેદ કપડામાં હંસ દેખાય છે, લાંબા લાંબા લેખો લખે છે, ભાષણો આપે છે અને આવા આડંબરી ઉત્સવોમાં પડદા પાછળ ભાગ લે છે;! આ ત્હારા માટે શોભા આપનારૂં નથી.

નરહરી—પ્રથમ એ તો જણાવ કે આ બધી શેની ધાંધલ છે. તું એમ ન માની શકે કે હું આની અંદર ભાગ લેવા આવ્યો છું. રસ્તેથી જતો હતો, આ ધમાલ જોતાં લાગ્યું કે શું છે તે તપાસ કરતો જાઉં.

રસીક—નરહરી! તું આ હકીકત નજ સાંભળે તેમાંજ મઝા છે. ત્હને સાંભળવાથી જરૂર દુઃખ થશે. મ્હારી માસીનું આ ઘર છે અને તેમાં મ્હારે ભાગ લીધા સિવાય છૂટકોજ નથી.

નરહરી—પણ છે શું? તે તો જણાવીશને?

રસીક—મ્હારી માસીને ત્યાં દીકરીના લગ્ન છે, ને પેલા સ્વાર્થદાસ જે વચમાં આંટા મારે છે તે મ્હારા માસા થાય છે. માંડવગઢથી જાન આવી છે. રાતના લગ્ન છે.

નરહરી—મ્હને અફસોસ થાય છે કે ત્હારી આટલી બધી નબળાઇ! કુળના અભીમાનની ખાતર હજારો રૂપીઆનું પાણી કરતાં તેમને કોઈ સમજાવનારૂં ન મળ્યું? આ પૈસાનો વ્યય જ્ઞાતિના ગરીબ વર્ગ માટે કરાવવા ત્હારાથી ત્હારા માસાને સમજાવવાનું અશક્ય બન્યું? સમાજસેવા કરવા બહાર પડવું છે અને પગપર કુહાડો આવતાં પગ ખેંચી લેવો છે તે ક્યાંનો ન્યાય? સમાજસેવાનો માર્ગ ઘણો કાંટાળો હોય છે. તેમાં ડગલે પગલે એવાં પ્રસંગો આવે છે કે જો તેમાંથી નાસીપાસ થાઓ તો તમો સમાજના સાચા સેવક નથી પણ દુશ્મન છો. સમાજ તમારાપર જ્યારે વિશ્વાસ મૂકે ત્યારે પડદા પાછળ તમારે રમત રમવી એ સમાજસુધારકના નામને લાંછન લગાડનારૂં છે. તમારામાં જાહેર હિંમત ન હોય તો સમાજસેવાનો ખોટો ડોળ ન રાખો. સમાજને છેતરવાના તમારા પ્રયાસો તમારા જેવા ઠગ સુધારકોમાંથી જ્યારે નાશ પામશે અને સમાજસેવક જ્યારે કાર્ય કરવા લાગી જશે તે વખતે આવા માસા-માસીના લગ્નમાં જરૂર વિઘ્ન નાખ્યા સિવાય નહિં રહે.

રસીક—હું સમજું છું કે મ્હારી એ નબળાઇ છે. હું એટલી જાહેર હીંમત કેળવી શક્યો નથી. છતાં જો તમો આ બાબતમાં કંઇ પગલાં લઇ શકો તેમ હો તો જરૂરથી હું ભાગ લઇશ.

નરહરી—આવા ખોટા આડંબર પાછળ જ્ઞાતિનું નિકંદન નીકળવા બેઠું છે, ખોટા ખોટા ભપકાથી અને ધમાલથી તીજોરીનાં તળીયાં ખાલી થઇ ગયાં છે; બાપદાદાની ખોટી મર્યાદિત આબરૂ સાચવવા ખાતર બાપના કુવામાં ડુબી મરનાર એ ખાનદાનોના અંદરખાનેથી રક્ત ચૂસાઇ ગયાં છે, છતાં આવા આડંબરો તરફ જરાયે ઘૃણાની નજરે નથી જોતાં એજ દુઃખજનક છે.

રસીક—હું સમજું છું કે આવા ઘણા કુટુંબો ખાનદાનીની પાછળ નાશને નોતરી રહ્યા છે. આપણી નજરો આગળ આપણી જ્ઞાતિના કેટલાય ખાનદાનો આજે એક ટંકનું પૂરૂં ભોજન પણ મેળવી શકતા નથી, સમાજની ખાનદાનીના ઓઢા નીચે, રોઇને, કેટલાયે કુટુંબો હવે ગતુ વખત સંભાળે છે. મ્હારા માસાએ એવું નીચ કૃત્ય કર્યું છે કે તે કહેતાં મ્હારાં રૂવાં ઉભાં થાય છે, જે કન્યાના આજે લગ્ન થનાર છે તેની ઉમ્મર તેર વર્ષની છે. જ્યારે મુરતીયાની ઉમ્મર સોમાં પચીસજ ઓછાં છે. મુખમાં એક પણ દાંત દેખાતો નથી. વાળ મીલની પૂણી સમાન દેખાય છે. મુરતીયો શ્રીમંત હોઇ તેનું (છોકરીનું) સાટું ૭૦૦૦ માં કરવામાં આવ્યું છે. આ વાત સગાંવ્હાલાંથી છૂપી હતી છતાં જ્યારે કાનપર આવી ત્યારે મ્હારી બા તથા બીજાં સગાંવ્હાલાં વિરૂધ્ધ પડયાં. પણ ત્હેની સ્વાર્થબુદ્ધિ આગળ બધું વ્યર્થ ગયું.

નરહરી—ખરેખર સ્વાર્થબુદ્ધિ આંધળી છે, સ્વાર્થીમાણસો સગાભાઇને ગળે છૂરી ફેરવતાં પાછી પાની નથી કરતા—દીકરી સુખી થશે કે દુઃખી તેના વિચારો એવા સ્વાર્થી

# ભારતની પ્રાચીન નારીવિભૂતિ.

લે. ન્યાયવિજયજી.

જે કૈકેયીએ સમરાંગણમાં 'દશરથ' રાજાના રથની ધરી એકાએક તૂટી જતાં પોતાની આંગળીને તે ધરીની જગ્યાએ ગોઠવીને પોતાના સ્વામિનાથને નિરાશામાંથી ઉગારી લીધા હતા; જે સીતા, રાવણ જેવા ભયંકર મદોન્મત્ત રાક્ષસથી પણ જરાય ભયભીત ન્હોતી થઇ; અને જે દ્રૌપદીએ 'જયદ્રથ' રાજાને ધક્કો મારી નીચે પાડી દીધો હતો તેમનાં પરાક્રમ કેવાં હશે!

બ્હેનો! તમે પણ એજ માતાઓની પુત્રીઓ છો. પછી તમારામાં નબળાઇ કાં? એ ચારિત્રવતી માતાઓનું આત્મતેજ તમારી અંદર પણ ભર્યું છે. ફક્ત ઉત્સાહ અને હિમ્મત જે તમારામાં મૃતપ્રાય બની ગયાં છે તેનેજ પુનઃ સજીવન કરવાની જરૂર છે. ઉઠો! અને તમારી ફરજ વિચારો! એ મહાન મહિલાઓના પુનિત પથે ચાલી તમે દેશનું અને ધર્મનું ગૌરવ વધારી શકો છો. એવી વિરાંગનાઓ આજે પણ કેમ ન પ્રગટે? અને ત્યારેજ એમની ઓલાદ પણ શક્તિશાળી નિકળશે. ઉંદરો તો ઉંદરડીઓમાંથી અને ગુલામો ગુલામડીઓમાંથી પેદા થાય.

બહાદુર નેપોલિયન કહે છે કે મને વીરતાનો પાઠ ભણાવનાર મ્હારી માતા છે. ખરૂં કહું છું કે જ્યારે જ્યારે કોઇ દેશની ઉન્નતિ થઈ છે તેમાં આદિ કારણ તરીકે નારીશક્તિના પ્રભાવે કામ બજાવ્યું છે. નારી જગતનું પરાક્રમ એક અપેક્ષાએ પુરૂષ કરતાં પણ આગળ નીકળી જાય છે. હિન્દુ ધર્મમાં 'ગાર્ગી', 'ગાન્ધારી' વિગેરે મહાત્મનીઓનાં નામ પ્રખ્યાત છે. જે યાજ્ઞવલ્ક્ય જેવા ઋષિને શાસ્ત્રાર્થમાં હાર ખવરાવે છે તે બાલ-બ્રહ્મચારિણી 'ગાર્ગી'નું સ્ત્રીજીવન જ્ઞાનાલોકથી કેટલું ઝગમગતું હશે. 'ગાન્ધારી' રાજસભામાં આવી 'મહાભારત' યુદ્ધ માંડવું કે કેમ? એ પ્રશ્નની ચર્ચા પ્રસંગે પોલિટિકલ મેટરમાં ભાગ લે છે અને પોતાના પુત્ર 'દુર્યોધન'ને યુદ્ધ ન કરવા માટે ઉપદેશ આપે છે. 'સ્થૂલભદ્ર' મહાત્માની બ્હેનો યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા એવી બુદ્ધિશાલિની અને વિદ્યાભ્યાસસંપન્ન હતી કે પહેલીને એક વાર સાંભળતાં, બીજીને બે વાર, ત્રીજીને ત્રણ વાર, એમ છેલ્લીને સાત વાર સાંભળતાં સંખ્યાબંધ શ્લોકો યાદ રહી જતા હતા. આજે સ્ત્રીનું જીવન કેટલું દીન-હીન છે! તેને તુચ્છ, અજ્ઞાન, દુર્બળ અને એક પ્રકારનું "મશીન" સમજી તેની જે અવગણના થતી આવી છે તેનુંજ એ પરિણામ છે કે "શક્તિ માતા"નો કોપ દેશ ઉપર ઉતરી આવ્યો છે, અને દેશની દીન દશા સુધાર્યે સુધરતી નથી. જો કે છેલ્લા રાષ્ટ્રીય યુદ્ધમાં મહિલાઓએ પોતાની શક્તિનો સરસ પરિચય દેખાડ્યો છે; અને તેમના ત્યાગ, તેમની સેવા, તેમની હિમ્મત અને તેમની સહિષ્ણુતાએ દેશની રાષ્ટ્રીય હિલચાલમાં સુન્દર રંગ પૂર્યો છે. છતાંય પોતાને અબળા માનનારી, સમજનારી બહિનો દેશના ચારે ખૂણામાં બહુ મ્હોટી સંખ્યામાં છે. જ્ઞાન, શિક્ષણ, વિવેક અને હિમ્મતથી તે વર્ગનો બહુ મ્હોટો ભાગ ખાલી છે. બહુ મોટી સંખ્યા અજ્ઞાનના ઘોર અન્ધકારમાં સબડી રહી છે. અને, જ્યાં "પડદા"નો ખાસ રિવાજ છે ત્યાંની અબળાઓની દુર્દશાનું તો પૂછવુંજ શું? એ સંબન્ધમાં મને એક કિસ્સો યાદ આવે છે તે પણ કહી દઉં.

એક ગૃહસ્થ સ્ટેશનપર એક પોતાના ઓળખીતા ભાઇને કહે છે કે, "ભાઇ, આ પાંચ ટ્રંક છે, જરા ધ્યાન રાખજો, હું ટીકીટ લઈ આવું." ત્યારે પેલા ભાઇ કહે છે કે, "મહેરબાન, પાંચ ક્યાં છે, આ તો ચાર છે!" ત્યારે એ ગૃહસ્થ મ્હોં મલકાવી બોલ્યા: "ચાર ટ્રંક આ, અને પાંચમો ટ્રંક આ અમારી ઔરત!" હાય! સ્ત્રીને પણ એક ટ્રંકની જેમ સાચવવી પડે એ કઇ હદની દુર્બળતા! એને ઢીંગલી સમજવી કે પુતળી!

મતલબ કે ભારતનું વર્તમાનનારીજીવન અધિકાંશ અસંસ્કૃત દશામાં છે. અને એ દેશની મ્હોટામાં મ્હોટી કમનસીબી છે. એ વર્ગના ઉદ્ધાર વગર દેશનો ઉદ્ધાર સર્વથા અસંભવ છે. એના જીવનમાં જ્યોત ન પ્રગટે ત્યાં સુધી દેશનો અન્ધકાર નાબૂદ થવો અશક્ય છે. છોકરાઓની કેળવણી માટે પણ પુરતું ધ્યાન અપાતું નથી, ત્યાં કન્યાઓની કેળવણીની શી દશા હોય તે સમજી શકાય છે. પરન્તુ કન્યા-કેળવણીની કેટલી જરૂર છે? દેશ, સમાજ અને ધર્મના વિકાસ-સાધનમાં કન્યાવર્ગનું સુશિક્ષિત અને સંસ્કારી જીવન કેટલો અસાધારણ ફાળો આપી શકે છે? તે ખાસ વિચારવાનું છે. આર્યસમાજીઓનાં કન્યા વિદ્યાલયો જુઓ! તમે ખરેખર દંગ થઇ જશો. એ સંસ્થાઓમાં શિક્ષણ લેતી કન્યાઓના મુખપર કેટલું તેજ ચમકે છે, શિક્ષણ અને સંસ્કારમાં તેઓ કેટલી આગળ વધે છે. વ્યાયામ અને બલપ્રયોગ તેમના જેમણે જોયા હશે તેમને ખબર હશે કે તેઓનો શારીરિક વિકાસ કેટલો આશ્ચર્યકારક ખિલવવામાં આવે છે. બિલકુલ નિશ્ચિત વાત છે કે નારીવિભૂતિ એ દેશની વિભૂતિનો પાયો છે; અને દેશની ઉન્નતિનાં મંડાણ એના ઉત્કર્ષપર અવલમ્બિત છે. નિઃસન્દેહ, એની આત્મસત્તામાં એક એવી વિલક્ષણ શક્તિ છુપાયલી છે કે જેનો સમુચિત વિકાસ થાય તો તેના આધારપર આખા રાષ્ટ્રનું ઉત્થાન થઈ શકે. એક વિદ્વાનના શબ્દો છે:—

"The hand that rocks the cradle rules the world."

અર્થાત્—જે સુકુમાર હાથ પાલણામાં બચ્ચાંને ઝુલાવે તેમાં જગતનું શાસન કરવાની શક્તિ પણ મોજૂદ છે.

---

માણસોને ક્યાંથી આવે? જે દીકરીને તેરવર્ષ સુધી પાળીપોષી મોટી કરી તેની કીંમત રૂ. ૭૦૦૦ ની આંકી. ઘરડા ખખ્ખર સાથે પરણાવતાં એ મનુષ્યને જરાયે અરેરાટી ન ઉપજી થઇ. તો હું માનું છું કે એવા માણસો મનુષ્ય રૂપમાં પણ રાક્ષસ છે. કુમળી બાળાઓના લોહી પીનાર માતાપીતાની રાક્ષસી ભાવનાઓ આગળ કેટલી બાળાઓના જીવન છુંદાઈ જતાં હશે? જુવાનીના આંગણે પગ મૂકતાં એ આશાભરી કેટલી અનુ. પા. ૨૦૮

# મહાસભામાંથી.........................

**ડાહ્યાલાલ વી. મહેતા.**

સાંજ પડી ચૂકી હતી. વર્ષોની ગટરોના મુખ ખુલતાં ચારે ગમ દુર્ગંધ દુર્ગંધ પ્રસરી રહી હતી. વિષયવિચારીણી સભાના મંડપમાં કોમી ચુકાદાની ગંદી વિગતોની માલવીયાજી ઝાટકણી કાઢી રહ્યા હતા.

મહાત્માની નિવૃત્તિનો પ્રશ્ન હજુ અધ્ધરજ લટકી રહ્યો હતો.

"પ્રેસિડન્ટ સહાબ! મારે બોલવું નથી પણ જરીક જરીક......" કોઇ સભાજને ચલાવ્યું, "આ મહાત્મન, આ માલવિયાજી મહારાજ આપ બન્ને બહુમતિએ કાર્ય-પ્રણાલીકા આદરવી જોઇએ એમ માનો છોને?"

માલવિયાજીને વચમાં જવાબ આપવા ચોળી જવું પડ્યું "હા. જરૂર."

"તો મહારાજ, આપ અને મહાત્માજી બન્ને આ સભાના નિર્ણય પ્રમાણેજ કોમી ચુકાદાનો વિરોધ અને નિવૃત્તિના પ્રશ્ન છોડી દે'. સભાનું માનસ એવું છે એમ આપ ચોક્કસ માનતાજ હશો." જરીક બોલવાની રજા માગનારે તો ચલાવ્યેજ રાખ્યું.

"કોણ! એ; છે કોઇ **ગુજરાતનો વાણિયો.**" મહાત્માએ મજાકમાં સભાને ગુજરાતની વણિક બુદ્ધિની સચોટતા બતાવી, વાતને ઉડાવી મૂકી. એ પણ વણિક બુદ્ધિજને?

અને સભાનું કામકાજ આગળ ચાલ્યું. અને ફરીને હિંદના એ જ્યોતિર્ધરને લાગણીપૂર્વક શરૂ કરવું પડ્યું. "મિત્રો, આપ જે કોઇ ઠરાવ પસાર કરો તે તમારા આત્માની સાક્ષીએ વિચારીને પસાર કરશો, અને મારી ખાતર કરવાને આપ જરીકે લલચાશો પણ નહી. કારણ કે એ પ્રમાણે કરવામાં આવેલી વસ્તુ મારી ગેરહાજરીમાં તમને બોજારૂપ બનતાં મુંઝવણમાં નાંખી દેશે; અને મારે માટે ફક્ત એકજ રાહ એજ રહેશે કે એવી રીતે થએલી વસ્તુ મારે ત્યાજ્ય ગણવી પડશે."

કેટલો સરસ આદર્શ! જૈન આદર્શ એવુંજ કંઇક કહે છેને? ભોજનાર્થે વિહરતા સાધુઓએ એમના માટે તૈયાર થએલી રસોઇ વહોરવી નજ જોઇએ, એમ જૈન શાસ્ત્રોનાં પાનામાં ઉલ્લેખ છે. કારણ કે એ વસ્તુ એમણે ત્યાજ્ય ગણવી જોઇએ. (રસોઇ ત્યાગનો આદર્શ હોય તો પણ રસોડા સાથે રાખવાનો વાંધો નહીજને?) અને આની અસર એટલી સરસ થઇ કે પહેલીજ વખતે કાર્યવાહી સમીતીના ઠરાવને સભાએ ઉડાડી મુક્યો.

સંપૂર્ણ.

---

પયગમ્બરોએ તો ભાગી નહી છૂટવુંજ જોઇએ. ભાગી જવાથી કશુંજ થતું નથી. પયગમ્બરોએ જોવું જોઇએ કે પ્રગતિ થાય છે કે નહી. પયગામ દેનારાઓનો દીવેજ છૂટકો છે.

—મી. સિધવા.

હું તો બહાર હોઉં કે અંદર હોઉં પણ એનો એજ, ફક્ત બહાર રહી અન્ય કોઇ શક્તિની શોધમાં વિહરું એજ ઉદ્દેશ.

—ગાંધીજી.

x x x x

મશીનરીના આપણે દુશ્મન નથી. મશીનરી ચાહનાર તો છીએજ. મશીનરીના આપણે ગુલામ બનવાનું નથી. પણ મશીનરીને આપણે ગુલામ બનાવવાની છે.

—ગાંધીજી.

x x x x

(મારું Socialism) મારો સમાજવાદ એજ કે માણસ જાતે સ્વાશ્રયી બને, અને હું ગરીબોને સ્વાશ્રયી બનાવવા મારું તમામ જ્ઞાન અર્પું.

—ગાંધીજી.

---

## શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ખુલ્લો પત્ર.

અનુ. . . પા. ૨૦૩ થી

સભા ભરવાની બાબતમાં આપ જણાવો છો કે "તા. ૧લી તથા ૨૭ ડીસેમ્બરે મીટીંગ રાખવામાં આવી છે. સંવત ૧૯૮૮ તથા ૧૯૮૯ ની સાલના ચોપડા અનુક્રમે ૧૯૮૯ તથા ૧૯૯૦ મી સાલમાં ઓડીટ થઈ ગયા છે. શેઠ કસ્તુરભાઈ લાલભાઈ વીલાયતથી આવતાં તરત મીટીંગ ભરવા વિચાર હતો પણ કેટલાક અનિવાર્ય કારણોને લઇ જલ્દી નહીં બની શકવાથી ઉપરની તારીખે મીટીંગ ભરવાનું નક્કી થયું છે."

એ પ્રમાણે લખો છો તો આપને જણાવવાનું કે સભા ભરવા બાબત મેં આપને તા. ૨૯-૭-૩૪ના રોજ પત્ર લખેલો ત્યારે આપે જણાવેલું કે "સંવત ૧૯૮૯ના ચોપડા હજુ ઓડીટરો તપાસે છે." આ અને આના આમંત્રણપત્ર ઉપરથી જણાય છે કે સંવત ૧૯૮૮ ની સાલના તો ઓડીટ થઇ ગયા હતા. મીટીંગ લંબાવાથી મંજુરીની શરતે સંવત ૧૯૮૯ના ઓડીટ કરાવ્યા. તો જણાવવાનું કે સંવત ૧૯૮૭ના ઓડીટ થયા હતા તો ગઇ સાલ મીટીંગ નહીં ભરતાં બે વરસ સુધી મીટીંગ લંબાવવાનું શું પ્રયોજન તે જણાવવા કૃપા કરશો. પાલીતાણા ઉપર એવાં કામ થાય અને બે વરસ સુધી સભા મળે નહી ત્યારે જૈન જનતામાં અસંતોષ ફેલાય એ સ્વાભાવિક છે. તો દરેક ખુલાસો આપવા તસ્દી લેશો.

લી. **મહાસુખભાઇ ચુનીલાલ**

સ્થાનીક પ્રતિનિધિ-વીસનગર.

---

પાલણપુર મૂર્તિપૂજક સમાજના હસ્તકે જ્ઞાતિ બહારની શીક્ષામાં શ્રી નાથાલાલ-પ્રભાવતીનાં નામ મુકી ચુક્યાં છે. શ્રી. નાથાલાલ-પ્રભાવતી લગ્નની મિમાંસા, સમાજરચના, સમાજ આદર્શની ચર્ચા કરતો અને યુવાનોના વિકૃત માનસની ઝાટકણી કાઢતો **શ્રી. ડાહ્યાભાઈ વી. મહેતાનો એક લેખ તરૂણ પાલણપુરના** અનિશ્ચિત પ્રકાશનને લીધે આવતા અંકે આ પત્રમાંજ પ્રગટ થશે.

# વિદ્યાલયની કા. સ.ની ચુંટણી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ચાલુ સાલનો વહીવટ કરવા ઓધ્ધેદારો સહ કાર્યવાહી સમિતિની વરણી તા. ૧૮-૧૧-૩૪ના રોજ શ્રીયુત રણછોડભાઈ રાયચંદના પ્રમુખપણા નીચે મળેલ સામાન્ય સભામાં નીચે મુજબ થઈ હતીઃ—

ટ્રસ્ટીઓ.

શેઠ મોતીચંદ ગીરધર કાપડીઆ
,, રણછોડભાઈ રાયચંદ ઝવેરી
,, મણીલાલ મોતીલાલ મુળજી
,, અમૃતલાલ કાળીદાસ શેઠ
,, ચંદુલાલ સારાભાઈ મોદી

કાર્યવાહક સમિતિ.

| | |
|---|---|
| શ્રી. મોતીચંદ ગીરધર કાપડીઆ | મંત્રી |
| ,, ચંદુલાલ સારાભાઈ મોદી | ,, |
| ,, રણછોડભાઈ રાયચંદ શેઠ | ખજાનચી |
| ,, ડૉ. નાનચંદ કે. મોદી | સભ્ય |
| ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ | ,, |
| ,, ચીમનલાલ મોતીલાલ પરીખ | ,, |
| ,, ખાબલચંદ કેશવલાલ મોદી | ,, |
| ,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ | ,, |
| ,, લલ્લુભાઈ કરમચંદ દલાલ | ,, |
| ,, મોહનલાલ દલીચંદ દેસાઈ | ,, |
| ,, ડૉ. મોહનલાલ હેમચંદ | ,, |
| ,, મણીલાલ મોહોકમચંદ શાહ | ,, |
| ,, જમનાદાસ અમરચંદ ગાંધી | ,, |
| ,, હીરાલાલ મંછાચંદ સોલીસીટર | ,, |
| ,, પ્રસન્નસુખ સુરચંદ બદામી | ,, |

આ રીતે થયેલ વરણીમાં જુના સભ્ય શ્રીયુત મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર અને શ્રીયુત મગનલાલ મુળચંદ ચુંટાયા નથી. પરંતુ અમને લખતાં હર્ષ થાય છે કે ઉત્સાહી અને યુવાન ભાઈઓ દાખલ થયા છે. તેમાંયે મંત્રીમાં ભાઈ ચંદુલાલની વરણીથી વધારે હર્ષીત થયા છીએ અને આશા રાખીએ છીએ કે વિદ્યાલયને વધુ મજબુત કરવા તેમ જૈન સમાજમાં કેળવણીનો ફેલાવો કરવા દરેક પૂરતો ભોગ આપશે.

---

**મૂર્તિપૂજા**—અનુ. પા. ૨૦૨ થી

સાથ હોને લગી! શક્તિ યા પ્રકૃતિકી પૂજા પાંચવી યા છઠ્ઠી શતાબ્દીસે શુરૂ હુઈ! તાંત્રીક મત હીકે બાદસે મૂર્તિપૂજાને જોર પકડા."

આ ઉપરથી એમ લાગે છે કે બુદ્ધ ને મહાવીરના જમાનામાં મૂર્તિપૂજા નહોતી, છતાં દરેક ધર્મના ઠેકેદારો મૂર્તિવાદને અનાદીકાળનો ઠરાવવાનાં ખણગાં ફુંકે છે.

જૈન મહાત્મા દેવધર્ગી ક્ષમાશ્રમણે જૈન આગમને પુસ્તકારૂઢ વીક્રમ ૫૧૦ કર્યું. જે આગમના નામથી ઓળખાય છે તેમાં પણ પૂજાવિધાન મૂર્તિ કે મંદિર અંગે કશું નથી. એટલે મૂર્તિવાદ અનાદિ કહેનારા 'બાબા વાક્યં પ્રમાણં' સિવાય કશું સાધન રજુ કરી શકે તેમ નથી.

**મૂર્તિવાદની શરૂઆત**—બુદ્ધના નિર્વાણ પછી તેના અવશેષોપર, રાજાઓ ને લક્ષ્મીનંદનો તરફથી ચૈત્યો સ્મારક સ્વરૂપે ઉભાં કરવામાં આવ્યાં, અને તે પણ શહેરો કે ગામડાંઓમાં નહિ પણ પર્વતોપર, ગુફાઓમાં. જેવાં કે કેનેરી, એલીફન્ટા, કાર્લા નાસીક ઇત્યાદિ. તેમાં બુધ્ધ સાધુઓ રહેતા અને સમાજસેવા તેમ આત્મકલ્યાણ સાધતા. આ રીતે બુધ્ધ નિર્વાણ બાદ ચૈત્યની પ્રથમ શરૂઆત થઈ. તેમાં અશોકે અનેક સ્થળે સ્તુપો ઉભાં કર્યાં એટલે લોક ભક્તિભાવથી તે તરફ ખેંચાયું.

વીરના ભક્તો પણ એ દિશા તરફ ખેંચાયા અને ચૈત્યની શરૂઆત કરી. ચૈત્યવાદ એટલે મૂર્તિવાદ નહિ. તે પૂજવા માટે નહિ પણ યાદિ માટેની એક નિશાની. તેમાં સાધુઓ રહેતા અને ઉપદેશ દેતા. લગભગ પ્રભુ મહાવીરના નિર્વાણથી આઠસો વર્ષે એના શિષ્યો જંગલના ખુલ્લા વસવાટ છોડીને ચૈત્યમાં એટલે મઠોમાં વાસ કરવા લાગ્યા. ત્યારથી તેઓ પણ ચૈત્યવાસીઓ કહેવાયા.

ચૈત્યો સ્મારક તરીકે ઉભાં થયેલાં તેમાં પાદુકાઓની પધરામણી થઈ અને પછીથી મૂર્તિની પધરામણી થઈ. એટલે તેને માટે કાગડાની કલમો જેવાં શાસ્ત્રો રચાયાં, લોભ પ્રલોભનની લાલચો અપાઈ, નરક સ્વર્ગની ધમકીઓ અપાઈ, રાજાઓ અને ભક્તોદ્વારા છૂટે હાથે નાણાં ખરચાયાં અને ચૈત્યો મંદિરોના રૂપમાં ફર્યાં જે અત્યારે કરોડોની મુડી ધરાવે છે.

---

**સ્ત્રીજાતિની** અધોગતિ પાંચ પ્રકારે થાય છેઃ—(૧) સ્ત્રીઓને અવિવાહિત રહેવાનો નિષેધ કરવાથી. (૨) તેઓના માનસિક, આત્મિક અને શારીરિક હક્કો છીનવી લેવાથી. (૩) બાલ્યાવસ્થામાંજ પોતાની પુત્રીઓના વિવાહ નહીં કરી દેવામાં આવે તો નરકમાં પડવાનો વારો આવે છે; એવું માતાપિતાને ધર્મગ્રંથો અથવા બાપજીદ્વારા સમજાવવામાં આવે છે તેથી. (૪) સ્વાર્થસિદ્ધિને માટે નવા નવા શ્લોકો રચીને ધર્મગ્રંથોમાં ભેળી દેવાથી. અને (૫) સ્ત્રીઓને માટે શુદ્રાદિ નિંદાસૂચક શબ્દોનો પ્રયોગ કરવાથી.

---

**ભલે આવો**—અનુ. પા. ૨૦૧ થી

ધર્મ પ્રકાશ પાથરે છે—ધર્માંધતા ગાંઠા પેદા કરે છે. ધર્મ સતત જાગૃત ભાન આપે છે—ધર્માંધતા ભાન ભુલાવતી ગુંડાશાહી પેદા કરે છે. ધર્મ પોતાનું બીજાને આપવાનું સુચવે છે—ધર્માંધતા દિક્ષાના નામ તળે બીજાનાં બચ્ચાં પડાવી લેવાની અધમ બુદ્ધિ ઉત્પન્ન કરે છે. ધર્મ ભાવ, વિવેક સુચવે છે—ધર્માંધતા "સવિજીવ કરૂં શાસનરસી"* એમ ભાખતાં છતાં ગાળોનો 'શબ્દકોષ' નિપજાવે છે.

ધર્મ અને ધર્માંધતાના આ ભેદ પારખી લીધા પછી, કયો યુવાન ધર્માંધતાના પોપડા ઉખેડવા કામે નહિં લાગે?

નાશની નોબત ગડગડે છે. ધર્માંધતાના વર્ષો જુના કિલ્લામાં ગાબડાં પડયાં છે. અને એ ઘડી દુર નથી જ્યારે એ કિલ્લો જમીનદોસ્ત થઈ ચૂક્યો હશે. ભલે આવો એ ઘડી! તરૂણ જૈન એને આવકાર આપે છે.

---

* 'વિર શાસન'નું ખુન અને એનાં પાનાં જુઓ.



( લેખાંક ત્રીજો )

**જગતને જીવવું છે.**

માટેજ આપણે આપણા ખાબોચીયાવિષે વિચાર કરતાં થયા છીએ અને એ જગતની અંદર આપણે ટકવું છે. જીજીવિષા એ પ્રાણિમાત્રને સ્વાભાવિક છે. એટલે મનુષ્ય માત્ર પોતાના આત્મરક્ષણ અને સંવર્ધન માટે પ્રયત્ન શીલ છે, પણ એ પ્રયત્ન જ્યારે આત્મલક્ષી મટીને દેહલક્ષી થાય છે ત્યારે જગતમાં અનાચાર–દુરાચાર વધે છે અને આ બધા અનિષ્ટો વધ્યા એટલે સમાજના નિયમોનો—સામાજીક નીતિનો, સહકારના ધોરણનો ભંગ થયો એટલે સર્વને અનેક પ્રકારની અશાંતી–આ અશાંત–અવ્યવસ્થા ને પાછી શાંતિ અને સુવ્યવસ્થામાં મૂકવાનો પુરૂષાર્થ શરૂ થાય છે ત્યાં મનુષ્યત્વ ખીલે છે.

**ધર્મનો પ્રચાર.**

એટલે અત્યારે જે રીતે ધર્મને ટકાવી રાખવાનો, અને જુની પ્રણાલિકા મુજબ પ્રચાર કરવામાં આવે છે તે અત્યારનાં યુગમાં વાસ્તવિક ધર્મ નથી. એ ધર્મના સ્વરૂપનું વિકૃત થયું છે કારણ કે તેની આખી ઇમારત ભય ઉપર, લાલચ ઉપર રચવામાં આવી છે, જુની પ્રણાલીકા અને પ્રચાર કરવાની રીતે તો મોતનો ભય બતાવવામાં આવે છે, સ્વર્ગની લાલચો આપવામાં આવે છે અને એમ કરીને સમાજની અવ્યવસ્થા–અશાંતિ વધારવામાં આવે છે અને જે સમાજના હિતનો, વ્યવસ્થા અને શાંતિનો ભંગ કરે તેને ધર્મ કેમ કહેવાય? એટલે સમાજહિત એ આત્મ–હિત સમજાય તોજ ધર્મ પ્રચાર સંભવી શકે.

**વર્તનની કેળવણી.**

એટલે અત્યારે આપણા આચારવિચારમાં પરિવર્તન થવું જોઇએ. સમાજ હવે વર્તનની કેળવણી માગે છે એટલેજ કોઇપણ વસ્તુ સમાજહિતને અનુલક્ષીને પ્રવર્તાવવી હોય તો તેને માટે વાણી કે બુધ્ધિપ્રયોગના જાદુ કામ લાગે તેમ નથી. સમાજ પાસે ક્રિયાત્મક સ્વરૂપ રજુ કરવું જોઇએ. અને એટલા માટે આરોગ્યના પ્રદર્શનો, સ્વદેશી પ્રદર્શનો, ઔદ્યોગિક પ્રદર્શનો પ્રજાને ખાસ કરી નિરક્ષર પ્રજાને બતાવવા જોઇએ, અને આવા પ્રદર્શનો શાળાઓમાંથી ઉભા થાય તો વધારે સુયોગ્ય છે.

**આવી શાળાઓ ક્યાં છે?**

ગુરૂકુળો અને બોર્ડિંગો એ આપણી શાળાઓ છે પુસ્તકાલયો અને આત્માનંદ સભાઓ એ બધું શું છે? ધર્મશાળા અને ઉપાશ્રયો પ્રજાકિય શાળાઓ નથી? આવી તો અનેકવિધ ખાનગી સંસ્થાઓ એક પલકારામાં પ્રજાકિય શાળા બની શકે. અત્યારની સરકારી અને ગુલામીના કારખાનારૂપ કારકુનીયા કેળવણીની શાળાઓનો પુનરૂધ્ધાર અશક્ય છે, એ માટે તો પ્રજાના પૈસા અને સાધનોથી તેમજ પ્રજાકિય ભાવનાથી રંગાયેલા માણસોથીજ શાળાઓ શરૂ થવી જોઇએ અને તોજ આ પ્રદર્શનો વિદેશી સાધનો સામે સ્વદેશી ભાવના કેળવી શકે, અનેરૂપહેલે મોડે પણ કેળવણીના દરેક પ્રયોગો સુખી અને વિદ્વાનોને સાથે લઇને સામાન્ય પ્રજાએજ કરવાના છે.

**આ બધું ક્યારે થાય?**

એમ લાગે છે કે આપણે વ્યક્તિગત પ્રયત્ન આદરશું તોજ થઇ શકે. કોઇ કોઇની રાહ જોવાથી અથવા અમુક સમાજ કે જ્ઞાતિ ઠરાવ કરશે અથવા એકી સાથે હજારો કે લાખો કરે તોજ 'સફળ' થઇ શકાય, એવી નીતિથી કોઇ પ્રજા કે સમાજનો ઉધ્ધાર શક્ય નથી. મારૂં જીવન એ સમાજનું છે મારી માલીકીપણાનો દાવો હું છોડી દઉં તો સ્હેજે મ્હને મ્હારી જવાબદારીનું ભાન આવે અને મ્હારૂં કોમીપણું અદ્રશ્ય થાય. આ બધી વિચારણાઓની આડે, 'મારૂં' એટલું બધું આડે આવવાનું, પણ મ્હારો અમુક ધર્મ, અને મ્હારૂં અમુક ગોત્ર, અને હું ફલાણી જ્ઞાતિનો એ બધું ભુલી જવું જોઇએ. હું માણસ છું અને મ્હારૂં મનુષ્યત્વ તોજ જાગે, જો હું માનવસમાજને સરખી આંખે નિહાળું.

—લાલચંદ જયચંદ વકોરા.

---

સન ૧૮૫૦ માં પ્રત્યેક ભારતવાસીની આવક દરરોજ ૮ પયાની હતી. સન ૧૮૮૨ ના સરકારી રીપોર્ટ પ્રમાણે આપણી આવક દર માણસ દીઠ ૬ પૈસાની ગણાઈ હતી; અને સને ૧૯૦૦ માં મી. ડીગ્બીના હિસાબ પ્રમાણે તે આવક ઘટીને માત્ર ૩ પૈસા થઇ ગઇ છે.

---

**લોહીનાં વેચાણ—અનુ.** . . પા. ૨૦૫ થી

બાળાઓના જીવન ધૂળમાં રગદોળાતાં હશે? આશાભર્યાં એ કુમળાં ફુલ લોહીના પૈસે તાગડધીન્ના કરનાર એ નરપીશાચોના પાપે અગ્નીમાં હોમાતાં હશે તે તો પ્રભુ જાણે—રસીક! આજનું લગ્ન અટકાવી શકાય તેમ નથી—ગમે તે ભોગે આ લગ્ન અત્યારે અટકાવાય તો પછી તો સૌ સારાં વાનાં થશે.

રસીક—વચમાં ચારજ કલાકનો વખત છે. ઉપાડો એ કાર્યમાં હું ભાગ લઇ શકું તેટલી હીંમત મ્હારી નથી પરંતુ અંદરખાનેથી જે મદદ જોઇએ તે આપવા ખુશી છું. કોઇ રીતે અગ્નીમાં હોમાતી બાળાને બચાવી શકાતી હોય તો આપણે અત્યારેજ પગલાં લેવા જોઇએ.

નરહરી—બાજી હાથથી ગયેલી છે. જાન પણ આવી ગઇ છે. ટુંક વખતમાં વરરાજા પરણવા પણ આવશે. આપણી પાછળ પીઠબળ પણ નથી. મ્હારો ગામ સાથે એટલો બધો પરીચય પણ નથી. છતાં જો પ્રથમ મને આવી વાકેફ કર્યો હોત તો જરૂર તેના ઉપાયો યોજી શકત, હવે બીજી ધમાલ થઇ શકે તેમ નથી. છતાં આપણે ત્હારા મામા પાસે જઇ બે અક્ષર કહીએ અને સમજાવીએ અને કોઇપણ બ્હાને લગ્ન મુલતવી રખાય તો પાછળથી બધી વ્યવસ્થા કરી શકાશે.

**અપૂર્ણ.**

---

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કહાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબાઇ નં. ૨ તરફ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.